Registered No. B. 708.

॥ श्री उमादेव्याः कृपास्तु ॥

કડવા વિજય.

પુસ્તક ૧૧ મું. સપ્ટેમ્બર ૧૯૧૮. અંક ૯

परिवर्तिनि संसारे मृतः को वा न जायते।
स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥

પરિવર્તન પામતા સંસારમાં મૃત્યુ પામેલો કોણ જન્મતો નથી, તેજ ખરો જન્મે છે કે જેના જન્મથી સ્વવંશ–જ્ઞાતિ–ઉન્નતિને પામે છે.

અનુક્રમણિકા.

	વિષય.	પૃષ્ઠ.
૧.	મેઘરાજાને આવકાર.	૧૪૫
૨.	સંસ્થા અને તેના નિયમો.	૧૪૫
૩.	આપણા આગેવાનો અને વિદ્યાર્થિઓ.	૧૫૧
૪.	સદ્‌વિદ્યા.	૧૫૬
૫.	ચાર મોટા અધર્મ.	૧૬૦
૬.	સ્ત્રીઓની મુખ્ય ફરજ.	૧૬૧
૭.	શ્રી કડવા પા. હી. મહામંડળના જનરલ સેક્રેટરી.	૧૬૩
૮.	ખાસ ઉપયોગી સમાચાર.	૧૬૫

અધિપતિ તથા પ્રકાશક. } પા. મોતીલાલ કાળીદાસ. સત્યનારાયણ પ્રેસના માલિક–અમદાવાદ.

માલિક. } શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ.

તંત્રી. } મગનભાઈ જી. એન્જીનીઅર. ૩૦૩ વાડીગામ–અમદાવાદ.

Printed by the Editor at his Satyanarayan Printing Press
Near Civil Hospital, Panabhai's Vadi—AHMEDABAD.

For Reference See Pages: 4, 17.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

Registered No. B. 708.

॥ श्री उमादेव्याः कृपास्तु ॥

કડવા વિજય.

પુસ્તક ૧૨ મું. સપ્ટેમ્બર ૧૯૧૮. અંક ૯

परिवर्तिनि संसारे मृतः को वा न जायते।
सजातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥

પરિવર્તન પામતા સંસારમાં મૃત્યુ પામેલો કોણ જન્મતો નથી, તેજ ખરો જન્મે છે કે જેના જન્મથી સ્વવંશ-જ્ઞાતિ-ઉન્નતિને પામે છે.

અનુક્રમણિકા.

	વિષય.	પૃષ્ઠ.
૧.	મેઘરાજાને આવકાર.	૧૪૫
૨.	સંસ્થા અને તેના નિયમો.	૧૪૫
૩.	આપણા આગેવાનો અને વિદ્યાર્થિઓ.	૧૫૧
૪.	સદ્‌વિદ્યા.	૧૫૬
૫.	ચાર મોટા અધર્મ.	૧૬૦
૬.	સ્ત્રીઓની મુખ્ય ફરજ.	૧૬૧
૭.	શ્રી કડવા પા. હી. મહામંડળના જનરલ સેક્રેટરી.	૧૬૩
૮.	ખાસ ઉપયોગી સમાચાર.	૧૬૫

અધિપતિ તથા પ્રકાશક. } પા. મોતીલાલ ફુલીદાસ. સત્યનારાયણ પ્રેસના માલિક—અમદાવાદ.

માલિક. } શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ.

તંત્રી. } મગનભાઈ જી. એન્જીનીઅર. ૩૦૩ વાડીગામ—અમદાવાદ.

Printed by the Editor at his Satyanarayan Printing Press
Near Civil Hospital, Panabhai's Vadi—AHMEDABAD.

જ્ઞાતિને ઉપયોગી પુસ્તકો.

"કડવાવિજય" માસિક—જ્ઞાતિની ખરી સ્થીતી જાણવી હોય, તમને તમારી લાગણી હોય અને ઉન્નતિ ઇચ્છતા હો તો તેના માર્ગમાં પથરાયેલા કાંટા વીણી કાઢવાનું જ્ઞાન લેવા ગ્રાહક થઇ લવાજમના રૂ. ૧–૪–૦ મોકલી આપો.

કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ—સદ્ગત જ્ઞાતિભક્ત ભાઇ પુરશોત્તમદાસ રચિત જ્ઞાતિના ઇતિહાસનું આ પુસ્તક દરેક વિદ્વાન અને સાધારણ ભણેલાએ ઘરમાં રાખવાની જરૂર છે. જ્ઞાતિનાં જુદાં જુદાં કુટુંબો કયા દેશકાળને લઈ ક્યાં ક્યાં વિસ્તર્યાં છે તે જાણવાનું આ ઉત્તમ સાધન છે, છેલ્લાં ૫૦ વર્ષથી જ્ઞાતિઉન્નતિનો જે પ્રયત્ન થાય છે તેનો પણ ઇતિહાસ છે અને ૩૮ પ્રતિષ્ટીત પુરૂષોની છબીઓ અને તેમનું જીવનચરિત્ર પણ તેમાં લખાયું છે. પડતર કીંમત કરતાં અરધા મૂલ્યે આપવાની લેખકની યોજના જ્ઞાતિભક્તિના અચૂક પૂરાવા સમાન છે. પૂસ્તક દળદાર હોવાથી ટપાલખર્ચ લગભગ ૦–૬–૦ આવે છે. પુસ્તકની કિંમત રૂ. ૦–૧૦–૦.

આધાના પિતાનું પ્રેતભોજન—મરણ પાછળ કરવામાં આવતા ખરચોથી જ્ઞાતિની સ્થિતિ ગરીબ થઇ ગઇ છે અને ગામના આગેવાન પટેલો અને સંબંધીઓ મરનારના કુટુંબ પ્રત્યે ત્રાસ વર્તાવી સ્થિતિ પલટાવી દે છે તેનું સાચું અને સચોટ ભાષણ અને ગાયનો સાથેનું પુસ્તક કિં ૦–૨–૦.

મહાલક્ષ્મીનું મહાકષ્ટ યાને બાળલગ્નના બળાપા—ભાગ ૧ લામાં લાંબી મુદતે આવતાં લગ્ન વધાવવાની ધાંધલ, નકામો ખર્ચ અને સગાઇઓ કરવા અને તોડવામાં થતો કુટુંબ કલેશ ઉપરાંત કન્યાને સાસરે વેળાવતા અગાઉ આઠ દશ વર્ષ વેઠવો પડતો વેવાઇ વેવાણના ત્રાસનો આબેહૂબ ચિતાર તથા **ભાગ ૨ જામાં** દીકરીને સાસરે વેળાવતાં થતી કનડગત, કજોડાંનું ફળ અને ખાનદાન માબાપની દિકરીઓ ઉપર કેટલાંક નાદાન કુળવાન કુટુંબોનો ત્રાસ, કરકરીઆવર બમણા ત્રમણા લેવા છતાં દાણા નહીં પુરવાની ધૃષ્ટતા, ખાનદાન દીકરીઓ મરતાં સુધી પતિધર્મ છોડતી નથી અને છેવટે આપઘાતના પ્રસંગો કેમ આવે છે તેનો હૃદયભેદક અને અશ્રુ વહેવડાવતો ચિતાર. બંને ભાગની કીં. ૦–૪–૦

આખ્યાનનાં ત્રણે પુસ્તકો સુપ્રસિદ્ધ દેશાઇ અમરસિંહજીનાં લખેલાં છે તેમણે સમાજને અર્પણ કર્યા છે. જ્ઞાતિભક્તો પોતાના ખર્ચે સમાજને છપાવી આપે છે તેની ઉત્પન્ન ઉપદેશક ફંડ ખાતે જાય છે. ઉપરતાં પુસ્તકો માટે લખો:—"કડવા વિજય" **ઑફીસ–વિરમગામ.**

યુવક મંડળની પત્રિકાઓ—પહેલી "મહાત્મા ગાંધીજીના બ્રહ્મચર્ય સંબંધી અમુલ્ય વિચારો" કિંમત બે પૈસા. **બીજી** "સ્ત્રી શિક્ષણ ઉપર ભાષણ" શ્રી નિમાડ કડવા પા. સભામાં અપાયેલાં જ્ઞાતિની બાળાઓનાં ત્રણ ભાષણ. **આઠવર્ષની બાળાના ઉમદા વિચારો, ત્રીજી** "એક તીથિનાં લગ્ન અથવા આપણી પડતીનાં કારણો." લે. કડવા વિજયના તંત્રી મગનભાઈ. મંગાવનારે ૦–૧–૯ ની ટીકીટો મોકલી આપવી.

શ્રી કડવા પા. સુ. યુવક મંડળના સેક્રેટરી,

ઠે. સત્યનારાયણ પ્રિ. પ્રેસ–સીવીલહૉસ્પીતાલ પાસે–**અમદાવાદ.**

કડવા વિજય

પુસ્તક ૧૧ મું. સપટેમ્બર સને ૧૯૧૮ અંક ૯ મો.

(મેઘરાજાને આવકાર.)

ગઝલ.

પધારો મેઘ રાજા તુંમ, જગતનું રે ભલું કરવા;
તમારી રાહ સૌ જુએ, પધારો કષ્ટ તુંમ હરવા. ૧
તમારી પ્રાણથી પ્યારી, ભૂમિતો નગ્ન આ દિશે;
અરે અંબર તમો આપો, પ્રિયાની લાજ ઉગરવા. ૨
તમારા બાળકો સૌએ પશુ પક્ષિ અરે વાલા;
ક્ષુધાથી દુબળા દિસે, પધારો પેટરે ભરવા. ૩
તમારા રે વિયોગોથી, સુરભિઓ આંસુડાં ભરતી;
અરે તે અશ્રુ લોહીને, કરો તૃણ તેહને ચરવા. ૪
ગરીબો પર જુલમ કરીને, તમે તો શું હવે કરશો;
પધારો પ્રેમથી ભૂપર, તમો દુષ્કાળને હરવા. ૫
તમો જો નહિ પધારો તો, જુલમ જગમાં બહુ થાશે.
પધારો હેતથી પ્યારા, સહુનાં દુઃખરે હરવા. ૬

વિષ્ણુવિજય લાઇબ્રેરી
દાલોદ પો. માંડળ.

લિ. કૃપાકાંક્ષિ.
મોતીદાસજી ગંગાદાસજી મહંત

ૐ

સંસ્થા અને તેના નિયમો.

દયા ખાવા જેવા અગર દુઃખદાયક પ્રસંગો માણસની લાગણીને સતેજ કરે છે તેને બુઠી થઇ જવા દેતા નથી. કોઈ જાનવર અગર બાળકને ગાડી ઘોડા તળે ચગદાઇ ગયેલું જોઈ આપણા અંતઃકરણમાં દયા આવે છે અને તેને મદદ કરવાની લાગણી ઉત્પન્ન થાય છે, તે લાગણી દરેક માણસને થાય છે. પરંતુ ફરક માત્ર એટલોજ કે કેટલાકને તેની અસર થોડીવાર રહે છે જ્યારે કોઇ કોઇને તેવા પ્રસંગો લાંબા વખત સુધી યાદ રહે છે, અને તેવા બનાવો બનતા અટકાવવા પ્રયત્ન પણ કરે છે. જનસ્વભાવની ઉદારતાનું એ પરિણામ છે. જેની વૃત્તિઓ વિશેષ ઉદાર અને જેનું અંતઃકરણ બીજાઓ પ્રત્યે પ્રેમ કે દયા ભાવથી જેટલું ખેંચાતુ રહે છે તેના પ્રમાણમાં, પારકાનું દુઃખ મટાડવા તે માણસને જીજ્ઞાસા થાય છે. આવી જીજ્ઞાસા થઇ આવતાં પોતાના જેવા અંતઃકરણવાળા માણસને પોતાના

વિચારો જણાવે છે અને તેમની સંમતિ મેળવી, તેઓ મદદ કરશેજ એવી તેમનામાં શ્રદ્ધા રાખી તે માણસ પરાયાં દુઃખો મટાડવાનો પુરૂષાર્થ શરૂ કરે છે. આવા પુરૂષાર્થમાં માણસનું અંતઃકરણ મલીન થવા પામે નહિ તો આત્માની એકતા તરફ–તેની લાગણી, ઉદારતા અને શ્રદ્ધા કે પ્રેમ તેને દોરી જાય છે અને તેવો પુરૂષાર્થ માણસના જીવનનું સાર્થક કર્તા થાય છે એમ કહેવું જોઇએ.

જ્યાં એક કરતાં અનેક પ્રકારનાં દુઃખો અને તે જન સમાજના મોટા ભાગ માટે દુર કરવાનાં હોય છે ત્યારે એકજ માણસનો પુરૂષાર્થ તેનું પરિણામ લાવી શકતો નથી, એટલે કામના પ્રમાણમાં શકિત અને સાધનોના મોટા ભંડારની જરૂર હોય છે, એટલા માટે પોતાના જ્ઞાતિ કે દેશબંધુઓનાં દુઃખ ટાળવા અંતઃકરણમાં લાગણી ઉત્પન્ન થાય છે ત્યારે જેની પ્રેમ અને ઉદાર વૃત્તિ વિશેષ પ્રબળ હોય છે તેવા માણસોના એકત્ર બળવાળી એક સંસ્થા સ્થાપવામાં આવે છે, અને તે સંસ્થાના માણસો એક બીજા સાથે સહકારીપણું સાચવી, એક બીજામાં શ્રદ્ધા અને પ્રેમ રાખી, સંસ્થાનો ઉદ્દેશ બર લાવવાની યોજનાઓ કરે છે, સંસ્થાના બંધારણ માટે નિયમ કે ધારાઓ ઘડે છે અને જેને જેવું યોગ્ય તેવું કાર્ય કરવાનું સોંપી એક મુખ્ય ઉદ્દેશને બર લાવવા માટે કામની વહેંચણી કરી લે છે. કાર્યની વહેંચણી કાંઇ માણસની ઉંમર કે તેની આર્થિક સ્થીતીના પ્રમાણમાં થતી નથી, પણ માણસની બુદ્ધિ, શક્તિ, લાગણી કે લાગવગનો વિચાર કરી જેની જેવી લાયકાત તેવું કાર્ય ઉદારવૃત્તિનો માણસ પોતાની પસંદગીથીજ સ્વીકારી લે છે એમ કહેવું પડશે. આ પ્રમાણે કાર્યની વહેંચણી થઇ ગયા બાદ જ્યારે તે અમલમાં મુકાય છે ત્યારે અમુક સંસ્થાની એ હીલચાલ છે એમ કહેવાય છે અને તે હીલચાલમાં જેટલું સમભાવપણું અને એક સંપના સિદ્ધાંતવાળાં તત્વોનું પ્રમાણ જેટલું મોટું તેટલું તેનું સ્વરૂપ પણ મોટું અને લોકમતના ટેકાનું પ્રમાણ પણ મોટું. ઉદારવૃત્તિ અને બંધુત્વની ભાવનાઓથી ઘડાયેલા નિયમો વાળી સંસ્થા જનસમાજના આદરને પાત્ર બને છે, લોકો તેને મદદ આપે છે, અને સમય ને સાધનોના પ્રમાણ સાથે ઐક્યનાં તત્વો ઉદ્દેશ બર લાવવામાં મુખ્ય કારણ રૂપ થઈ પડે છે. જનસમાજનો ચાહ તે સંસ્થા જેટલા પ્રમાણમાં વધારે મેળવે છે તેટલો તેનો ઉદ્દેશ વહેલો ફળીભૂત થાય છે.

ઉદારતા અને શ્રદ્ધાના ઐક્યથી સંસ્થા હયાતીમાં આવે છે એ વાત ખરી, પણ સંસ્થાને ઉપયોગી અને મજબુત બનાવવા માટે તેના નિયમો ઘડાયા હોય તેમાં પણ શ્રદ્ધા અને ઉદારતાને સ્થાન આપવું જોઇએ, નહીં તો સંસ્થાનું આયુષ્ય ઘણું ટુંકુ બને છે. જેટલી વિશાળ બુદ્ધિ અને ખુલ્લા મનથી નિયમો ઘડવામાં આવ્યા હોય તેટલા પ્રમાણમાં સંસ્થા વિકાશ પામી લોક હીત સાધી શકે છે. તેથી ઉલટી રીતે સંસ્થાના નિયમો ટુંકી બુદ્ધિ કે સાંકડા મન વડે ઘડાયા હોય, પૈસાપાત્ર ન હોય તેવી લાયક અને ઉપયોગી વ્યકિતઓને તેમાં જગ્યા આપવાની ગોઠવણ રાખી ન હોય–બુદ્ધિ, વિદ્યા, કાર્યશક્તિ, જાત અનુભવ વગેરે સદગુણોની ઓછી દરકાર રાખી માત્ર પૈસાનેજ સ્થાન જે નિયમોવાળી સંસ્થા આપતી હોય તે વિકાશ પામતી નથી, તેવા નિયમોજ ખુદ સંસ્થાને આભારના ભારથી ગૂંગળાવી નાંખે છે. સંસ્થાના નિયમ અગર ધારાઓ જેટલી ઉદારવૃત્તિ, વિશાળ બુદ્ધિ, ઐક્ય સાધનારી સમાનતા અને કાર્ય કરવાના સંપૂર્ણ અનુભવથી ઘડાયેલા હોય, તેનું બંધારણ

જેટલું જનસ્વભાવ અને સંયોગોના વિચાર પૂર્વક બંધાયેલું હોય તેટલી કાર્યની સાધના પણ વહેલી અને ઉન્નતિ સાધવાની મજુરી પણ સહેલી. સંસ્થાના નિયમોજ કાર્યવાહકોના પણ નિયામક હોય છે, એટલે નિયમ અને ધારા તથા કાર્યવાહક અને સંસ્થાનો પડઘો પાડનારૂ એક સ્વરૂપ બને છે. આ સ્વરૂપના મનનું જેટલું સાંકડાપણું, કામ કરવાના અનુભવની જેટલી તેનામાં ખામી અગર આળસ, કાર્ય કરી શકે તેવા અને લાગણી ધરાવતા અન્ય બંધુઓ સાથેનું તેનું જેટલું અતડાપણું કે કડકાઈ, તેમજ અન્ય સંસ્થાઓથી વેગળા પડવાની જેટલી ઉદ્ધતાઇ કે એકલપેટાપણું તેટલી તે સંસ્થાને ઉત્તમ મદદની ખામી પડવાનીજ, એ વાત બે ને બે ચાર જેવી સરળ રીતે સમજાય છે.

સંસ્થાનો ઉદ્દેશ ગમે તે પ્રકારનો હોય છતાં એક સંપ અને જેમ બને તેમ વધારે માણસો તેમાં ભાગ લે એ ધોરણપર તેના નિયમો ઘડાવા જોઇએ. ગૃહસ્થ વર્ગ કે પૈસા એ એકજ સાધન કંઇ જ્ઞાતિ ઉન્નતિ સાધવા માટે પુરતું નથી, તેમની જરૂર અવશ્યે છે. પણ જેની ઉન્નતિ કરવી છે તેવા વર્ગને તે કામ કરવા દેવાથી ઉન્નતિના માર્ગ તરફ જલદી પ્રયાણ કરાય છે. પૈસાના તત્વ કરતાં જુદા જુદા આત્માઓના ઐક્યનું તત્વ હંમેશાં સર્વોપરી હોય છે, તેની બુદ્ધિ, શક્તિ પણ તેટલીજ પ્રબળ અને કાર્ય સાધવામાં શ્રેષ્ટ હોય છે. બીજી તરફ દ્રષ્ટી કરતાં જેની ઉન્નતિ સાધવી હોય તેઓ પોતાના માટે કયું પ્રથમ જરૂરનું છે તે સવેળા સમજી શકે છે, પોતાનાજ માટે તેમને કરવાનું હોવાથી ઉન્નતિ સાધવાના પુરૂષાર્થને તેઓ બીજા કરતાં વધારે ખંત અને લાગણી ધરાવીને વળગી રહે છે, એટલે સંસ્થાના નિયમોમાં લોકમતની સંખ્યાનેજ બહુમતીવાળું અગર પ્રબળ રાખવાથી સંસ્થા મરી જતી નથી પણ દિવસે દિવસે તેનામાં નવું જીવન આવતું જાય છે. બુદ્ધિશાળી પુરૂષો પૈસા તો સંસ્થાના કામ માટે ઘણી રીતે મેળવી શકે છે, પણ સંસ્થા પ્રત્યેની સાચી લાગણી અને ખંતથી જોડાયા રહેવાની–તેને ભૂલી નહીં જવાની વૃત્તિ પૈસા વડે ખરીદી કે ભાડે લાવી શકાતી નથી. એટલા માટે સંસ્થાના નિયમો કે જે કાર્યવાહકને સોધી કહાડે છે અને પોતાના પ્રતિનીધિ કે વૉઇસરૉય તરીકે તેને ઉદ્દેશ બરલાવવાની સત્તા આપે છે તે નિયમો કેટલા સંભાળ પૂર્વક અને લોકમત જાણ્યા બાદ ઘડાયેલા હોવા જોઇએ તે સમજવું મુસ્કેલ નથી.

એક સંસ્થાનો પગારદાર માણસ કે જેને સંસ્થાના ઉદ્દેશ સાથે લાગતું વળગતું ન હોય તેવાને કાર્યની સોંપણી કરવા કરતાં જેને લાગણી છે, જેને પોતાની અપકીર્તિ થવાનો ભય છે, જેને સંસ્થાના ઉદ્દેશમાં સીદ્ધી અગર આડી રીતે પણ સંબંધ છે તેવા અનુભવી અને લાયક બંધુમાં સંપૂર્ણ શ્રદ્ધા મુકી કાર્યની સોંપણી કરવામાં આવે તે વધારે ઉચીત છે, તે છતાં એમ ઠરતું નથી કે ઉદ્દેશ સાથે ઓછો સંબંધ હોય તેવા પગારદાર માણસ કંઇ કરી શકે નહિ. આપણે માત્ર આપણા સંયોગોનોજ વિચાર કરીએ છીએ એટલે એમજ કહેવું જોઇએ છીએ કે આપણી દરેક સંસ્થાએ પોતાનો ઉદ્દેશ બર લાવવા જે જે કાર્ય કરવાને જે લાયક જણાય તેમનામાં વિશ્વાસ મુકવો જોઇએ અને તેમ કરવામાં સંસ્થાના નિયમો કે ધારા ધોરણમાં બાદ આવતા હોય તેવા નિયમોનો જલદી ત્યાગ કરવો જોઇએ. અને કોઈનામાં વિશ્વાસ મુકયા છતાં કાર્યની સફળતામાં ખામી કે ઉણપ આવતી સમજાય કે તરત તેની જગ્યાએ બીજાને પસંદ કરવો જોઇએ. જે કાર્યવાહકની ઉદારવૃતિ પ્રબળ અને અંતઃકરણ વિશુદ્ધ હોય છે તેઓને તો પોતાના કામ કરવાની શક્તિ...

તુરત આવી શકે છે અને પોતાના કાર્ય માટે લોકમતની સહાનુભૂતિ મળતી અટકવા માંડે કે તરતજ કોઇ લાયક બંધુને જગ્યા કરી આપવા પોતે દુર થઇ જાય છે, કોઇથી તે વેર બાંધતો નથી તેમ સંસ્થાની સાથેનો સંબંધ પણ ભૂલી જતો નથી. પોતાની સેવાનું ખરાબ પરિણામ ન આવે અને જનસમાજના તિરસ્કારને પાત્ર પોતે ન બની જાય તે પહેલાં લોકોએ તેને પસંદ કરી જે કાર્યનો બોજો તેના શીર ઉપર મુકયો હોય તે ફરજ બજાવા પોતે અશક્ત છે તેનો જલદી સ્વીકાર કરી લે છે. આ સ્થીતી સમજુ અને લાગણીવાળા શુદ્ધ હૃદયના કર્મયોગીની છે. પરંતુ તેથી ઉલટા સ્વભાવનો આગેવાન કે કાર્યવાહક, લોકમતની દરકાર કરતો નથી, લોકોની પોતા પ્રત્યે કેટલી સહાનુભૂતિ ઘટતી જાય છે તે જાણુવાની તેને જીજ્ઞાસા પણ થતી નથી, પોતાની ખામીઓ જોઇ શકતો નથી, પોતા માટે જનસમાજમાં ટીકા કે નીંદા થતી હોય તેનો ખુલાસો કરવાની કે જવાબ આપવાની દરકાર પણ કરતો નથી, પોતેજ સસજુ અગર ડાહ્યો છે, તેના વડેજ સંસ્થાની હયાતી છે, એવું ગુમાન ધરાવી પોતાની સાથે જ્ઞાતિ સંસ્થાને પણ વગોવરાવે છે તેને લોકોની દ્રષ્ટિએ હલકા પ્રકારની અગર બીજા ઉપયોગી ઠરાવે છે. આ છેલ્લા પ્રકારના કાર્યવાહકો સંસ્થા માટે ભય ઉત્પન્ન કરનારા છે અને તેવી વલણ સંસ્થાના નાયક અગર ચાલકે અખત્યાર કરવામાંથી દુર રહેવું જોઇએ. એટલુંજ નહિ પણ વાસ્તવ્ય સાર તો એજ નીકળે છે કે સંસ્થાના નિયમો કે બંધારણુમાં એ વાતને ખાસ અગત્ય આપવાની જરૂર છે કે જે પ્રસંગે જેની મદદની જરૂર હોય તેવા લાયક માણુસોનીજ નીમણુંક કરી શકાય અને જે કાર્યવાહક જનસમાજની સહાનુભૂતિ મેળવી શકે નહિ અગર સંસ્થાનો ઉદ્દેશ બર લાવવાના કાર્યનો જેને અનુભવ ન હોય, તેમજ જેનું કાર્ય લોકમત વિરૂદ્ધ જણાય તેને જલદી દુર કરી શકાય.

દરેક સંસ્થાને માણુસ અને પૈસા એમ બંને પ્રકારનાં સાધનની જરૂર હોય છે એટલે તેના બંધારણુ વખતે નિયમો ઘડવામાં જે સંસ્થાને જે તત્વોની વિશેષ જરૂર તેના તરફ વલણ ધરાવે એ સ્વભાવિક છે. પણુ માન, મોટાઇ કે સત્તા એકલી વિદ્યાનેજ હસ્તગત કરાય કિંવા ગૃહસ્થાર્થનાજ હાથમાંજ રહે ત્યાં હમેશાં વિરોધ ઉત્પન્ન થવાનાં કારણો બને છે. આ સમજવું કંઇ મુશ્કેલ નથી. વિદ્યા અને લક્ષ્મીને બાપે માર્યાનું વેર છે. વિદ્વાન કે ધનવાન દરેકને પોતાના માટે એક સરખું માન હોય છે એટલે સંસ્થાના નિયમો આ બંને તત્વોની સરખી જરૂરીઆતને ધ્યાનમાં લઇ ઘડવા જોઇએ. ઘણી વખતે એક ગૃહસ્થના મગજમાંથી એ વાત નીકળી જાય છે, કે જ્ઞાતિબંધુઓ ધનવાન કરતાં વિદ્વાનને વધારે ચાહે છે, તેમનામાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખવાની તેમને ઘણી અગત્ય હોય છે એટલે એક ધનવાન કરતાં વિદ્વાન જનસમાજની સહાનુભૂતિ જલદી મેળવી શકે છે. બુદ્ધિ અને શક્તિની જન્મદાતા વિદ્યા છે, જ્યારે ભય, સ્વાર્થ અને જુદા પડી જવાના ગુણો લક્ષ્મીમાં વિશેષ છે. બીજા પક્ષે વિદ્યા કિંવા બુદ્ધિને વહેવારમાં લાવી કાર્ય સાધવામાં પૈસાની જરૂર પડે છે અને જ્યારે ધનનો ભોગ મોટા પ્રમાણુમાં આપવાની જરૂર જણાય ત્યારે ધનવાનોની મદદ કાર્ય સાધવામાં અતી ઉપયોગી થઇ પડે છે. તેમની મદદ સિવાય કોઈ સંસ્થા ચલાવી શકે નહિ એમ કહેવાય નહિ પરંતુ એટલી વાત ચોકસ કે તેમની મદદ વડે બુદ્ધિશાળી કાર્યવાહકો ગમે તેવા દુર્લભ કાર્યને પણ સાધી શકે. આ પ્રમાણે જ્યારે બંને તત્વોની એટલે માણુસ અને પૈસાની જરૂર દરેક સંસ્થા માટે આવસ્યક હોવાથી સંસ્થાના

નિયમો ઘડતી વખતે એ વાત લક્ષમાં રાખવી જોઇએ. દેશહીતનાં કાર્યોમાં જે ધોરણે સંસ્થાના નિયમો લોકમતની બહુમતી ઉપર ઘડાય છે તેને વિસારી દઇ એકજ તત્વ–પૈસા–ને મુખ્ય માની નિયમો ઘડાય તો સંસ્થાને ફળીભુત થવાપણું ઓછું રહે છે. જે સંસ્થામાં પૈસા જેવી વસ્તુનેજ મુખ્ય સ્થાન આપવામાં આવ્યું હોય અને તેના નિયમોમાં પણ પૈસાનેજ સર્વોત્તમપણું અપાયેલું હોય અગર પૈસા આપનારજ તેનો વહીવટ કરી શકે—બીજા નહિ! બીજાની મદદ શું ઉપયોગની! એ ધોરણપર ચાલતી સંસ્થાને બાળક જેવી નાની વયમાંજ વૃદ્ધાવસ્થા આવી જાય છે. કારણ પૈસા એજ કંઈ માણસ કે સંસ્થાના સ્વરૂપને ખીલવનારી યુવાવસ્થા લાવનારૂં સાધન નથી. કોઇ એકજ ગૃહસ્થ લાખો રૂપિઆની સખાવત કરી સંસ્થા ખોલે અને જ્ઞાતિ ઉન્નતિ અર્થે સેંકડો માણસો મળીને જ્ઞાતિ ઉન્નતિ સાધવાની કોઇ સંસ્થા સ્થાપે, તે બંનેના નિયમોમાં સર્વાંશે મળતાપણું હોવાનું સંભવિત નથી. જ્ઞાતિ સંસ્થાના નિયમોનું બંધારણ જ્ઞાતિની વસ્તુસ્થીતી, સંયોગો અને જરૂરીઆતને લઇને ઘડાય છે અને તેમાં પણ ખાસ સંયોગોને લઇ નિયમો ઘડવા પડે તેમાં નવાઇ જેવું કંઇ નથી. ગમેતે સંયોગો કે જરૂરીઆતને લઇ નિયમો ઘડાયા હોય છતાં લોકમતની દરકાર રાખ્યા સિવાય સંસ્થાનો વહીવટ કરવામાં આવે અને તે સંસ્થાના નિયમો તેને ઉત્તેજન આપે અગર કંઇ કરી શકે નહિ તો તે નિયમો સંસ્થાનું રક્ષણ કરતા નથી. કારણ લોકમતની દરકાર મટી જવાથી સંસ્થાના સંચાલકોની ખાનગી સત્તાનું એ ધારા ધોરણ પણ પરિણામ છે એવું જન સમાજને લાગવા માંડે છે, સખાવત કરનાર ગૃહસ્થો પ્રત્યે લોકોનો ચાહ અને માનભરી દૃષ્ટિ રહેવી જોઇએ તે રહેતી નથી. ભેટ કે સખાવત કરવાનો આશય ફંડમાં પૈસા આપનારનીજ સત્તા એ ધોરણવાળા નિયમોથી સચવાતો નથી તેમજ એવી સંસ્થાને ઉદ્દેશ બર લાવવા પુરતાં સાધન પણ મળી શકતાં નથી. લોકોના વિચાર જાણવાની જે ખાસ જરૂર છે તે પ્રસંગથી સખાવત કરનાર દુર જઈ પડે છે એટલા માટે પોતાની જાતનોજ વહીવટ અગર પોતાનાજ મતે કામ થાય એવા ધોરણનું પ્રમાણ ઉદાર સખી ગૃહસ્થો રાખતા નથી એ આર્ય સંપ્રદાયનો એક શિષ્ટાચાર છે. આ સિદ્ધાંત વિરૂદ્ધ સખાવત કરનાર ગૃહસ્થો, સાર્વજનિક સંસ્થામાં પોતાનીજ સત્તા જમાવી રાખે, અગર તેવા પ્રકારના નિયમો ઘડી, ઘણી ઘણી બાબતોમાં જેની જરૂર પડવાની છે તેવા લાયક પણ સામાન્યસ્થીતીના બુદ્ધિશાળી માણસોને દાખલ થવા માટે સંસ્થાનાં કમાડ બંધ કરી મુકે, અગર તેમને દાખલ કરીને પણ એક ખુણામાં બેસાડી મુકી પોતે હુકમ કરે તે સાંભળવા પુરતીજ જગ્યા આપે, તેવા નિયમો વાળી સંસ્થા જન સમાજની સહાનુભૂતિ મેળવી શકતી નથી અને ઉદ્દેશ બર લાવવામાં એક લીસોટો દોરવા જેટલુંજ કરી શકે છે. એતો દરેક જણ સ્વીકારશે કે સંસ્થાનો ઉદ્દેશ બર લાવવાના કાર્યમાં ગૃહસ્થ વર્ગ રોજને રોજ હાજરી આપી શકે નહિ, પોતાની સંમતિજ દર્શાવી શકે અને જ્યારે ખાસ જરૂર હોય તે ટાણેજ વખતનો ભોગ આપવાનું તેમને યોગ્ય લાગે. પણ પૈસા તો જ્યારે સંસ્થાને જરૂર પડે ત્યારે આપી શકે. ગૃહસ્થવર્ગ કયા પ્રસંગે શું કરવાની જરૂર છે તે પોતાના વ્યવસાયને લીધે જાણી શકે નહિ, જેથી ઉદ્દેશ બર લાવવા માટે, વિદ્વાન, બુદ્ધિશાળી, કાર્યમાં જોડાયેલા રહે, જેના હૃદયમાં સેવા ભાવની લાગણી પ્રદિપ્ત હોય તેવા માણસોને સત્તા આપી જ્ઞાતિ સેવાનું કાર્ય સોંપી દેવું [illegible]

ગૃહસ્થો માટે તો સખાવત કરવાની ઉત્તમ રીત છે. તેનાથી બીજી રીતે એટલે, અમારાજ પૈસા છે, અમનેજ સત્તા છે, તે માટે અમેજ લાયક છીએ, અમેજ લાગણીવાળા ગણાઇએ, જેના વધારે પૈસા એજ વહીવટ પણ કરે, એનીજ સત્તા એ બોલે તેજ કાયદો ! આવા પ્રકારનું સંસ્થાનું બંધારણ વેપારી બુદ્ધિનું પોષક છે, તેમાં ઉદારતા નથી, શ્રદ્ધા કે પ્રેમ નથી તેમાં વિવેક કે ધર્મની ઝાંખી થતી નથી એ સખાવત કરનાર ગૃહસ્થે જાણવું જોઈએ એમ લેખકનો નમ્ર મત છે. પોતાના બંધુઓ માટે આપવું અગર લેવું, તેમાં જુદાઈ કે નાના મોટાપણું આવવાથી આપવા ને લેવાપણું અટકી જાય છે, આપવું તે આપનારની ફરજ છે અને લેવું તે ગ્રહણ કરનારની યોગ્યતા છે. એમ સીદ્ધ કરી આપવામાંજ ખરો ધર્મ છે. સ્વજ્ઞાતિ માટે આપવું તેમાં પરમાર્થ કે દાન કરવાપણું નહિ માનતાં મારૂં છે અને મારા માટે કરૂંછું એવીજ ભાવના રહેવી જોઇએ, જ્યાં તેથી ઉલ્ટી રીતનાં કે જુદાઇ બતાવનારાં તત્વો યોજાયાં હોય ત્યાંથી તેને દુર કરી કૌટુમ્બિક કે વાત્સલ ભાવનું ઉમેરણ કરવું જોઇએ. આપણા માટે લોકો શું કહેશે તેનો ખ્યાલ રાખવો જોઇએ. કારણકે હું મોટો છું, કૂળવાન છું, સર્વોપરિ છું, ખાનદાન છું, અમારી સત્તા હોવી જોઇએ એ પ્રકારનો જ્ઞાતિ સ્વભાવ (!) ભેદીને આપણે આપણી ઉન્નતિ સાધવાની છે.

વ્યાજબી રીતે ભેટ કરેલાં અગર બક્ષીસ આપેલાં નાણાં ઉપરથી આપનારનો દરેક રીતે હક્ક ઉઠી જાય છે અને તે રહેતો હોય એવા સંયોગો કે નિયમો વડે પોતે કરેલી ભેટ તે સખાવત કરતી નથી, ઉદારતાને બદલે ઇજ્જત કમાવાનો લોભ કે માનચાંદની હકીકત રજુ કરે છે. સંસ્થામાં આપેલાં નાણાં મારાં છે અને હુંજ તેની સંભાળ રાખી શકુ એવી ભાવના સખાવત કરનારમાં ભાગ્યેજ રહે છે. છતાં કોણ જાણે શા કારણથી મહામંડળ જેવી જ્ઞાતિ સંપત્તિના સમૂહવાળી સંસ્થામાં જેના જેટલા પૈસા તેનો તેટલો નાનો મોટો અવાજ ! માત્ર આર્થિક દ્રષ્ટિએજ ઘડાએલા નિયમોવાળી તે સંસ્થાએ પૈસાના પ્રમાણમાં અવાજ રાખવાથી આજે તેનો ધાંટો બેસી ગયો છે, જ્ઞાતિમતનો તે પડઘો પાડી શકતી નથી. પૈસાના પ્રમાણમાં સત્તા કે અવાજ રાખનારી એ સંસ્થાએ એક દ્રષ્ટાંત (?) પુરૂ પાડયું છે. જ્ઞાતિમાંથી, ગૃહસ્થો પાસેથી, રાજસત્તા પાસેથી મદદ મેળવવાનો તેનો ઉદ્દેશ દબાઈ ગયો છે અને આગળ વધીને કહીએ તો જ્ઞાતિની જેને લાગણી છે, જેઓના આશ્રયને પણ તે ઘણે અંશે આભારી છે, તેઓ ઉત્સાહ પૂર્વક ભાગ લેતા નથી, પછી તેમની લાગણી મટી ગઇ હોય કે મંડળના ધારા ધોરણ તેનું કારણ હોય ! પૈસા એટલેજ અવાજ-વોટ-મત અને સત્તા ! વિદ્યા, કાર્યદક્ષતા, લાગણી, ઉદારતા કે સમભાવ એટલે જાણે કંઇ નહિ ! ! કેટલાક મંદીરોમાં હોવાનું સંભળાય છે તેમ અરધો રૂ. ભેટ ધરનારને દાળ રોટલા ! અને બે રૂ. ધરનારને લાડુ ! એકજ પંગતમાં ! ! આ સંયોગોમાં જેમ પ્રભુના પ્રસાદમાંથી પ્રભુતા જતી રહે છે તેમ પૈસાના પ્રમાણમાં મત, વોટ કે સત્તાવાળી સંસ્થામાંથી જ્ઞાતિ સેવાની ગંધ ઉડી જાય છે. એટલા માટે જ્ઞાતિની દરેક સંસ્થાઓ પ્રત્યે અને તેના ચાલકો પ્રત્યે લેખકની ખાસ વિનંતી છે કે સંસ્થા અને તેના નિયમોના બંધારણ વિષે આ લેખમાંથી કંઇ સાર જણાય તે ગ્રહણ કરવો. અસ્તુ.

પ્રવાસી.

આપણા આગેવાનો અને વિદ્યાર્થિઓ.

"કડવા વિજય માટે"

[એક મિત્ર તરફથી મળેલું.]

આધુનિક સમયમાં જ્યારે દુનિઆના સઘળા મોટા દેશો કયી પદ્ધતિ અનુસાર કેળવણી અપાય તો દેશની સામાજીક ઉન્નતિ થાય અને જર્મનીની કુટિલ પદ્ધતિના પરિણામ રૂપ વર્તમાન મહાભારત યુદ્ધનો ભવિષ્યમાં પ્રસંગ ન બની આવે તે ઉપર વાગ્ યુદ્ધ ચલાવી રહ્યા છે, તે પ્રસંગે આપણો હિન્દુસ્તાન દેશ હજુ તો કેળવણી સઘળાંને આપવી કે નહિં તેનોજ વિચાર કરે છે. કેળવણી—ખીલવણી—ની જરૂરીઆત વ્યક્તિ માત્ર ને હોય તેમાં તો મતભેદજ નથી. હિન્દુસ્તાનની સરકાર ઘણા સ્તુત્ય આશયો ધરાવતી હોવા છતાં, નાણાંની અગવડે કેળવણીનો પ્રચાર માત્ર જુજજ કરી શકી છે. આવે સમયે ઘણીખરી જ્ઞાતિઓ જાગૃત થઇ આ કામ હાથ ધરી રહી છે. મુંબાઇ ઇલાકાના છેલ્લા દશ વર્ષના સામાજીક ઇતિહાસ તરફ નજર કરીએ છીએ તો માલુમ પડે છે કે, જુદી જુદી જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ, સંમેલનો કરી વિદ્યાનો ફેલાવો કેમ થાય તે વિષય ઉપરજ લક્ષ રાખી યત્ન કરે જાય છે. આપણી સંખ્યાબંધ જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓથી સમાજને જે કાંઇ પણ ફાયદો થયો હોય તો તે એજ કે તેઓ પોત પોતાના મંડળમાં કેળવણીના પ્રચાર માટે પ્રયત્ન ચલાવી રહી છે.

આના પ્રત્યક્ષ પુરાવામાં માત્ર એકજ દાખલો આપીશ. ભાવનગર શહેર કાંઇ બહુ મોટું નથી. વસ્તી માત્ર સાઠહજારની છે. શહેરથી થોડે દૂર એક નાની ટેકરી છે. આ ટેકરી ઉપર દરબારશ્રી તખ્તસિંહજીએ એક આરસપાણનું સુંદર શિવાલય બંધાવ્યું છે. આ ટેકરી ઉપર શિવાલયની આસપાસ ઔદીચ્ય, પ્રશ્નોરા, લુહાણા, આદિ જ્ઞાતિ તરફથી છેલ્લાં એજ વર્ષમાં માત્ર વિદ્યાર્થીભવનો ખુલ્લાં મુકાયા છે. આ વર્ષે એક વિદ્યાર્થીભવનની સંસ્થા તરફથી અંગ્રેજી માધ્યમિક શાળા અને હાઇસ્કુલ ઉઘાડવામાં આવી છે. સઘળી બોર્ડીંગોના વિદ્યાર્થીઓ સાથેજ રમે છે અને સાથેજ ભણે છે. આ સ્થળ એક ગુરૂકુળ કે કેવળ વિદ્યાર્થીઓનાજ એક નાના ગામડા જેવું થઇ રહ્યું છે. શહેરના અનીતિમય ઝેરી વાતાવરણથી દુર આવા સુંદર, કેવળ વિદ્યાર્થીઓનેજ વસવામાં કયા માબાપ પોતાના પુત્રને ઉત્તમ શહેરી બનાવવા મોકલવા નહિં લલચાય !

આવા એક નાના શહેરમાં સમાજના નેતાઓ જ્ઞાતિઓની અંદર અંદરની તકરારો ભૂલી જઇ એકજ ધ્યેય રાખી, પોતાના સતત પ્રયત્ન અને નૈતિક બળથી આટલું કરી શકયા છે તે દૃષ્ટાન્ત આપણને વધારે ને વધારે ઉત્સાહમાં આણે તેવું છે. આધુનિક સામાજીક વ્યવસ્થા જોતાં કોઇ પણ વિચારશીલ મનુષ્યને એમ લાગશે કે, આપણા બાળકોને સંગીન કેળવણી આપી ઉત્તમ શહેરી બનાવવા હોય તો તેમને જુદાજ સંસ્કારોવડે નિર્મળ વાતાવરણમાં પોતાના ચારીત્રને ખીલવવાની તક મળવી જોઇએ.

આપણી કડવા પાટીદાર જ્ઞાતિએ છેલ્લાં દશ કે તેથી થોડા વર્ષમાં શું કર્યું છે, તથા તાત્કાળિક શું કરવાની જરૂર છે તેનો વિચાર કરીએ. આપણા જ્ઞાતિના આગેવાનોએ છે

વર્ષ ઉપર "કડવા પાટીદાર જ્ઞાતિમાં કેળવણી તથા જ્ઞાનની વૃદ્ધિ અને ફેલાવો કરવા" અને બીજા સમાજ સુધારાના કાર્ય માટે યથાશક્તિ પણ સતત પ્રયત્ન કરવાના નિશ્ચયથી "શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળ" નામની સંસ્થા કાઢી. સમય જોઇ આપણા આગેવાનો ચેત્યા, અને આ સ્તુત્ય પગલું ભરી કેળવણીના પ્રકારનું કામ હાથ ધર્યું. મહામંડળ પાસે લગભગ ૮૦ થી ૯૦ હજારનું ફંડ છે. શરૂઆતથીજ તેણે પોતાના ફંડમાંથી એક વિદ્યાર્થીભવન કે બોર્ડીંગહાઉસ અહિ અમદાવાદમાં ખોલ્યું, કે જેનો લાભ શાળામાં જતા વિદ્યાર્થીઓ લેતા આવ્યા છે. આ વિદ્યાર્થી ભવનની વ્યવસ્થાને માટે જવાબદાર જ્ઞાતિબંધુઓ, પોતપોતાના અંગત વ્યવસ્યાય અથવા તો તેવાજ બીજા કોઇ કારણોને લીધે છેલ્લાં બે કે ત્રણ વર્ષથી આ ભવનની વ્યવસ્થા ઉપર કાંઇ ધ્યાન આપી શકયા નથી અને તેને લીધે આપણામાંના એક ભાગમાં (વિદ્યાર્થીવર્ગ અને તેના સાચા મિત્રોમાં) અસંતોષ જણાયો છે. આને લીધેજ આપણી સમાજની ગઇ સાતમી બેઠક વખતે ૨૮ અને ૨૩ મા ઠરાવો લાવી, તે તરફ મહામંડળના વ્યવસ્થાપકોનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. આપણે સૌ કોઈ આશા રાખીશું કે ઉક્ત મહામંડળ આ બાબતમાં તપાસ ચલાવી યોગ્ય દાદ આપશે.

હમણાં વિદ્યાર્થી ભવનનું કામકાજ એક તંત્રી ચાલતું લાગે છે. કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને તેમાં સ્થાન મળતું નથી. આ ભવનમાં કોલેજમાં ભણતા કેટલા વિદ્યાર્થીઓ, કેટલો વખત, કેવા સંજોગોમાં રહ્યા તે બાબતનો નિષ્પક્ષપાત રીપોર્ટ મળે તો સૌ કોઇને જણાઇ આવે. આ બાબતમાં આપણા આગેવાનો અને ખાસ કરીને ઉક્ત મહામંડળના વ્યવસ્થાપકો અને અન્ય સભ્ય જ્ઞાતિ બંધુઓએ શું કરવું જોઇએ, તે આપણી સમાજની છેલ્લી બેઠક વખતે થયેલ અને પસાર થએલા ઠરાવ ૨૨ માં કરેલ ભલામણ ઉપરથી સહજ જણાઇ આવશે.

"ઠરાવ ૨૨ મો. આપણી કોમની ખેતીવાડી અને કેળવણીની ખીલવણી કરવાના આશયથી "શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડલ" નામની જે સંસ્થા સ્થાપન થઇ છે તે સંસ્થાનું ફંડ વધી શકે અને જ્ઞાતિની ઉન્નતિ અર્થે નવાં ફંડો ઉઘરાવવાની સરળતા થાય તે માટે ઉક્ત મંડળને નીચે પ્રમાણે ગોઠવણ કરવા આ સમાજ ભલામણ છેઃ—

अ અન્ય જ્ઞાતિઓની હરીફાઇમાં આપણી કોમના ઉચ્ચ કેળવણી લેનારા વિદ્યાર્થીઓ પછાત ન રહી જાય તે સારૂ તેવા વિદ્યાર્થીઓને છુટથી મદદ કરવાની; તથા

ब આપણી કોમના વિદ્યાર્થીઓ આ મંડળની બોર્ડિંગનો છુટથી લાભ લઇ શકે તેવા પ્રકારનો તેનો વહીવટ સુધારવા; તથાઃ—

क આ મંડળનું કાર્ય વિશેષ લોકપ્રિય થાય તથા તેના ફંડમાં નાણાં ભરવાને જ્ઞાતિ બંધુઓ વિશેષ કરીને આકર્ષાય અને ઉક્ત મંડળના આશયો જ્ઞાતિબંધુઓમાં વિશેષ પ્રિય બને તે માટે પોતાનું પરોપકારી કાર્ય વિશેષ પ્રમાણમાં જ્ઞાતિની જાણમાં લાવવાની વલણ ગ્રહણ કરવાની ભલામણ કરે છે."

કેળવણી એ સમાજની ઉન્નતિની ચાવી છે. કેળવણી એટલે કે માધ્યમિક શાળાઓમાં મળતી કેળવણી નહિ પરન્તુ કોલેજોમાં—ખેતીવાડીની, એન્જીનીઅરીંગની, વેપારની વગેરે

મળતી ઉચ્ચ કેળવણીજ ઉન્નતિના આધાર ભૂત છે. આવી ઉચ્ચ કેળવણી તરફ આપણી કોમના વિદ્યાર્થીઓ વધારે ને વધારે આકર્ષાય તે માટે તેમને હરકોઇ પ્રકારે મદદ, ઉત્તેજન આપવું એ આ સંસ્થાનું પ્રથમ ધ્યેય છે. અત્યારે માધ્યમિક અને હાઈસ્કુલના અભ્યાસ માટે અનુકૂલતા એટલી તો છેજ કે કોઇ પણ ઉત્સાહી વિદ્યાર્થી તેને માટે યત્ન કરે તો સફળ થાય, પરન્તુ કોલેજોમાં ઉંચી કેળવણી લેનારા વિદ્યાર્થીઓને નાણાં, પુસ્તકો આદિની બહુ અગવડ હોવાથી તેમને મદદ કરવા આપણે બનતો પ્રયત્ન કરવો જોઇએ. તેમને આપણી બોર્ડિંગોમાં રહેવાની અનુકૂળતા કરી આપવી, તથા તેમને સ્કોલરશીપ અગર તેવીજ કોઈ રીતે નાણાંની મદદ કરવી જોઇએ. મહામંડળનું કામકાજ તથા તેમણે કરેલી નાણાંની વ્યવસ્થા દેખાડી આપે છે કે તેઓ આ બન્ને સાધનોનો પુરતો ઉપયોગ કરી શક્યા નથી.

કેળવણીમાં પણ ખેતીવાડીની કેળવણી તરફ આપણું ખાસ ધ્યાન હોવું જોઇએ. હાઇસ્કુલમાંથી પાસ થઇને ઉંચી કેળવણી મેળવવાના ઉત્સાહી વિદ્યાર્થીઓમાંથી કેટલાક વિદ્યાર્થીઓ ખેતીવાડીનો અભ્યાસ કરવા પુના અગર બીજે કોઇ સ્થળે ગયા, કે તેમને તેમ કરવા આપણે કેવી રીતે ઉત્તેજન આપ્યું? સારાંશ એજ કે તેવા વિદ્યાર્થીઓને આપણા તરફથી ઉદાર મદદ મળવી જોઇએ. ખેતીની આબાદી ઉપર હિન્દુસ્તાનનો અને ખાસ કરીને આપણી કોમનો આધાર છે; માટે તે દિશામાં કેળવણીનો પ્રચાર કરવા મહામંડળે પ્રયત્ન કરવા તત્પર થવું જોઇએ.

" આપણી કોમના વિદ્યાર્થીઓ આ મંડળની બોર્ડિંગનો છુટથી લાભ લઇ શકે તેવા પ્રકારનો તેનો વહીવટ સુધારવો " એ આપણી બીજી ભલામણ છે. આપણા વિદ્યાર્થી ભવનને આકર્ષક બનાવી તે ઉભું કરવાના પરિશ્રમને સફળ થાય એવા હેતુથી આ ભલામણ કરવામાં આવી છે.

પહેલી વાત એ છે કે મહામંડળના વ્યવસ્થાપકોએ નાણાં સંબંધીના પરોપકારી વ્યયમાં જરા વધારે ઉદાર થવાની જરૂર છે. તેમણે જ્ઞાતિમાંથી સારામાંસારા વિદ્વાન્ નીતિમાન્ નરના હાથમાં બોર્ડિંગનો આંતરિક વહીવટ સોંપવો જોઇએ. સ્પષ્ટ શબ્દોમાં કહું તો બોર્ડીંગ માટે સારામાં સારા અને લાયક ગ્રહસ્થને ગમે તેટલા ખર્ચ કે પરિશ્રમ વેઠીને શોધી, તેને સુપ્રિન્ટેન્ડેન્ટ નીમી તેના હાથમાં વિદ્યાર્થીભવનના વિદ્યાર્થીઓની શારીરિક, નૈતિક અને માનસિક ઉન્નતિ માટે યોગ્ય લાગે તેવી વ્યવસ્થા સોંપવી જોઇએ. આપણી જ્ઞાતિમાં એક અથવા વધારે વિદ્યાર્થીભવનો માટે લાયક સુપ્રિન્ટેન્ડન્ટ મેળવવાની ઝાઝી મુશ્કેલી નથી, તોપણ ધારોકે તેવા સંપૂર્ણ રીતે લાયક સુપ્રિન્ટેન્ડન્ટ નથી મળી શકતા અગર તો તેવા ગ્રહસ્થ કે ગ્રહસ્થો કોઇ કારણોને લીધે તે કાર્ય માથે નથી લઇ શકતા, તો મહામંડળે (અન્ય જ્ઞાતિમાંથી) બીજા કોઇ પણ લાયક આદમીને શોધી, પુરતો પગાર આપી રોકવા જોઇએ. બીજાં કોઇ પણ સાધન કરતાં ભવનના સુપ્રિન્ટેન્ડન્ટની નીતિમત્તા અને લાયકાત એ બે સાધનો મા બાપને પોતાના બાળકો તેને સોંપવા માટે પ્રેરે છે અને બાળકોનું જીવન સુધરી શકે છે. માટે, કોઇ પણ વિદ્યાર્થી ભવનના વ્યવસ્થાપકોની પહેલી ફરજ એ છે કે તે સંસ્થાને માટે સંપૂર્ણ લાયક એવા નેતા—સુપ્રિટેન્ડન્ટ મેળવવા યત્ન કરવો જોઇએ.

ભવનના સુપ્રિન્ટેન્ડન્ટનું પ્રથમ લક્ષ્ય વિદ્યાર્થીઓની શારીરિક સંપત્તિ અને વૃદ્ધિ એજ

હોવું જોઇએ. તેમાં મહાત્મા ગાંધીજીના વિચારો પ્રમાણે આરોગ્યની **"મુખ્ય ચાવી બ્રહ્મચર્ય** છે. એ માટે સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી, સ્વચ્છ ખોરાક અને **સ્વચ્છ વિચારોની** પુરી જરૂર છે." આમાં છેલ્લા સાધન શિવાયનાં સાધનો તો કોઇ પણ વ્યવસ્થાપક મેળવી શકે, પરન્તુ છેલ્લું સાધન—સ્વચ્છ વિચારોની ચાવી સુપ્રિન્ટેન્ડન્ટ પોતેજ છે તે વાત ક્ષણભર પણ ભુલવી જોઇએ નહિં.

આ ઉપરાંત વિદ્યાર્થી ભવનમાં વિદ્યાર્થીઓને પ્રિય રમતો તથા પુસ્તકાલયની પણ જરૂર છે. ટુંકામાં, ભવનની વ્યવસ્થા તરફ પુરતું લક્ષ આપી વિદ્યાર્થીઓને જેમ બને તેમ આકર્ષક થવું જોઇએ. તેમ કરતાં હાલમાં થાય છે તેથી કાંઇ વિશેષ નાણાંનો વ્યય થાય તોપણ મહામંડળે ઉદાર થઇને છુટ આપવી ઘટે છે. મહા મંડળનું જે મોટું ફંડ છે તેના પ્રમાણમાં ભવનની જરૂરીઆતો પુરી પડી નથી એટલું તો સ્પષ્ટજ છે. આવા જ્ઞાતિ હિત માટે મહા પરિશ્રમે ઉભી કરેલી સંસ્થા જેમ પોતાની અને જ્ઞાતિની જરૂરીઆતો તરફ લક્ષ રાખી સન્માર્ગે વ્યય કરશે તેમ તેના ફંડમાં વખતો વખત ઉદાર જ્ઞાતિ બંધુઓ યથા શક્તિ ઉમેરો કરતા રહેશે. ફક્ત મહા મંડળે બતાવી આપવું જોઇએ કે તેમને હાથે સોંપાએલાં નાણાંનો **ઓછો ઉપયોગ કે ગેર ઉપયોગ** થતો નથી.

મહામંડળે આ એક બોર્ડીંગના નિર્વાહ ઉપરાંત બીજું જ્ઞાતિ હિતનું થોડુંજ કાર્ય કર્યું છે અને તે પણ તેઓ જ્ઞાતિને દેખાડી શકયા નથી. બોર્ડીંગ હાઉસને અંગે પણ તેમનો પરિશ્રમ અલ્પજ છે.

કેટલીક જ્ઞાતિઓમાં આવી પરોપકારી સંસ્થાઓનું જીવન નાણાંની પુરતી જોગવાઇ નહિ હોવાથી મહા મહેનતે ટકી રહેતું જણાય છે, ત્યારે આપણી આ સંસ્થા, મોટું ફંડ હોવા છતાં પણ ઉત્સાહી કાર્યવાહકોના અભાવે કાંઇ પણ સ્તુત્ય કાર્ય હજુ સુધી કરી શકી નથી. આપણી શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજની છેલ્લી બેઠક વખતે ૨૨ મો ઠરાવ લાવી મહા મંડળની ગેર વ્યવસ્થા માટે ચિંતા ધરાવી તે તરફ તે સંસ્થાના કાર્ય વાહકોનું ધ્યાન ખેંચ્યું છે; અને આપણે આશા રાખીએ છીએ કે તેઓ તુરત આપણી સૂચનાઓ જે અત્યારના સંજોગો જોતાં વાજબીજ છે કે તેના ઉપર વિચાર ચલાવી યોગ્ય સુધારા અને ફેરફાર કરશે.

શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહા મંડળ જેવી મોટી સંસ્થા લગભગ એક લાખ રૂપિઆનું ફંડ એકઠું કર્યા પછી, જો, ધારે તો, પાંચ કે તેથી ઓછા વર્ષમાં પોતે શું કરી શકે તે દેખાડે. આવી મોટી રકમના ફંડમાંથી તે કાલેજમાં ભણતા અને ખેતીવાડીનું શિક્ષણ મેળવવા આપણી જ્ઞાતિના દરેક વિદ્યાર્થીને સ્કોલરશીપ તથા પુસ્તકાદિની ઉદાર મદદ આપી ઉત્તેજન આપી શકે. એક કે વધારે વિદ્યાર્થીઓને ખેતીવાડીનું સંગીન અને ઉપયોગી જ્ઞાન મેળવવા અમેરીકા કે બીજે કોઇ સ્થળે સંસ્થાને ખર્ચે મોકલી શકે. તે માટે જરૂરી વધારાની રકમ આપણી બહોળી જ્ઞાતિમાંથી સહજ ઉઘરાવી શકાય. આ પરોપકારી સંસ્થાના મુખ્ય કાર્યવાહકોનું કર્તવ્ય એ હોવું જોઇએ કે સંસ્થાના ઉદાર નિભાવ માટે જ્ઞાતિ બંધુઓ પાસે નાણાંની માગણી સતત કરતા રહેવું અને તે સાથે તેનો સદ્વ્યય કરી દેખાડવો. જ્ઞાતિના અભ્યુદયનો આધાર બાળકોને હમણાં અપાતી કેળવણી ઉપર

છેઃ તે કેળવણી આપવામાં આપણે જેટલો સંકોચ રાખીશું તેટલા અંશે આપણે આપણું અહિત કરીશું.

આપણી જ્ઞાતિમાં "કેળવણી તથા જ્ઞાનની વૃદ્ધિ અને ફેલાવો કરવા," "ખેતીની આબાદી માટે જે જે કરવું જરૂરી લાગે તે તે કરવા," "જ્ઞાતિની સાંસારિક અને આર્થિક સ્થિતિ સુધારવા સારૂ જે જે ઉપાયો યોગ્ય લાગે તે યોજવા" આદિ "હેતુઓ પાર પાડવા માટે જ્ઞાતિ બંધુ તરફથી, અગર જ્ઞાતિ બહારના કોઇ સખી ગૃહસ્થ તરફથી મદદ અર્થે કાંઈ પણ રકમ આપવામાં આવે તે યોગ્ય લાગે તો સ્વીકારવી" એવો મહામંડળનો પ્રથમ સિદ્ધાંત છે. તો પછી જ્ઞાતિ હિત માટે તેમની પાસે નાણાં નથી, ઉત્સાહ નથી, કે હવે આપણી જ્ઞાતિની ઉન્નતિ અર્થે કાંઇ બાકીજ નથી (!) તે મહા-મંડળના દીર્ઘસૂત્રી વહીવટ ઉપરથી સમજી શકાતું નથી. હમણાં ફંડ છે તે પુરતું નથી એમ લાગતું હોય તો જ્ઞાતિના ઉદાર ગ્રહસ્થો આપવા તૈયાર છે. મહામંડળ તરફથી ફક્ત માગણી થવી જોઇએ અને અમને વિશ્વાસ છે કે તે મળશે. અરે! આપણી જ્ઞાતિમાંથી નહિં મળે તો અન્ય જ્ઞાતિના સખી ગ્રહસ્થો પાસે આપણું ભવિષ્ય સુધારવા નાણાં માગી લઇશું અને વખત આવે એક કે બીજે રસ્તે બદલો વાળી શકીશું. માટે સમસ્ત જ્ઞાતિની મહામંડળને એજ ભલામણ છે કે તેમણે આપણું ભવિષ્ય ઉજ્જવળ કરવા અને કરી બતાવવા બનતા પ્રયત્નો કરવા અને જ્ઞાતિને દેખાડી આપવું કે મહામંડળ તે છ વર્ષપર સ્થપાએલું મંડળ નહિં, પણ જ્ઞાતિની ઉન્નતિ અર્થે સબળ અને સતત પ્રયત્ન કરી રહેલું મંડળ છે. [મહામંડળ એ જ્ઞાતિની સેવા યથાશક્તિ બજાવવા માટે ઉભું થયેલું મંડળ છે, તો સાથે તેના કાર્ય વાહકોએ ઉદાર દીલથી સમજવું જોઇએ કે **સેવા ધર્મઃ પરમ ગહનઃ** । એટલે કે, મહામંડળને માટે આ નિબંધમાં કાંઇ વધારો પડતું હોય તો તે ફક્ત જ્ઞાતિ હિત માટે આપણે કાંઇ કરી શકયા નથી તેની હૃદય ભેદક લાગણીથીજ લખાયું છે, અને નહિં કે તેના કાર્યો ઉપર કાંઇ આક્ષેપો લાવવાના વિચારથી એટલું સત્ય તેઓ જોઇ શકશે.]

આપણી કોમને લગતીજ લેઉઆ પાટીદારની કોમ કેળવણીમાં આપણાથી આગળ વધી જણાય છે. તેની વસ્તી આપણા કરતાં ઓછી છે તોપણ તેઓ પ્રવૃત્તિમય થઇ ગયા છે; અને આપણે તેનો દાખલો લઇ, મહામંડળને પુનઃ પુનઃ વિનંતિ કરવા છતાં કાંઇ નહિં કરી શકીએ?

છેવટમાં આપણા શ્રી કડવા પાટીદાર સુધારક યુવક મંડળના પ્રથમ મહોત્સવ પ્રસંગના જ્ઞાતિ રત્ન ડૉ. પિતાંબરદાસના થોડા પણ સચોટ શબ્દો ઉતારી તે તરફ વાંચક વર્ગનું ધ્યાન ખેંચું છું: "જ્ઞાતિની મોટી સંખ્યા જોતાં કેળવણીને સારૂ ફંડો ખોલવાં તે મુશ્કેલ નથી. તેમજ હું વિનંતિ કરૂંછું કે જ્ઞાતિના ધનવાન ભાઇઓ પોતાની ઉદારતા બીજે બારણે બતાવવા જતાં તેમના આંગણે પીડાતાં આ તેમનાંજ સંતાનો પ્રત્યેની તેમની પ્રથમ ફરજ ભુલી નહિં જાય. આપણે **આવી સંસ્થાઓ અત્યારેજ ઉઘાડવાની જરૂર** છે." બીજા અનેક માર્ગે "પૈસા ઉડાવી નાંખનારા વિદ્યાદાનને શ્રેષ્ઠ માનશે તો **જ્ઞાતિમાં ઘણીજ સંસ્થાઓ ઉભી કરી શકાય** તેમ છે."

ભવતુ.

સદ્‌વિદ્યા.

(મી. ચીમનલાલ.)

આ સૃષ્ટિમાં માણુસ પોતાનું હરેક કાર્ય સુખનેજ લક્ષમાં રાખીને કરતો દેખાય છે. એક માણુસ એવો નહિ હોય કે જે દુઃખ સહન કરવાની ઇચ્છા રાખતો હશે. જેથી આ સૃષ્ટિમાં પ્રાપ્ત કરવા યોગ્ય શ્રેષ્ટ વસ્તુ સુખ છે કે જેને માટે સર્વ મનુષ્યો પ્રયત્ન કર્યા કરે છે.

સુખ બે પ્રકારનાં છે. એક અલ્પ સુખ જે હમેશાં નહિ રહેતાં તરત નાશ પામે છે. બીજું ખરૂ સુખ જે હમેશાં ટકી રહે છે. ખરૂં સુખ મેળવવાનું શું સાધન છે તે તપાસતાં જણાશે કે સદ્‌વિદ્યા વિના અન્ય હોઇ શકેજ નહિ. કહ્યું છે કેઃ—

विद्या ददाति विनयं विनयाद्याति पात्रताम् ।
पात्रत्वाद्धनमाप्नोति धनात् धर्म ततः सुखम् ॥

વિદ્યા વિનય આપે છે. વિનયમાંથી પાત્રતા પ્રાપ્ત થાય છે. પાત્રતામાંથી ધન, ધનમાંથી ધર્મ અને ધર્મમાંથી સુખ પ્રાપ્ત થાય છે. આ લોકમાં વિદ્યા અને અર્થ એ બે વાતમાંજ મનુષ્યના સુખનું સાધન છે, એવો ઉપદેશ કરેલ છે. એવી શંકા કરવામાં આવશે કે વિદ્યા અને દ્રવ્ય એ બેજ મનુષ્યના સુખના સાધન છે? આનું ઉત્તર એટલુંજ કદી આપીએ તો ચાલે કે વિદ્યા અને દ્રવ્ય એ બેમાંજ નહિ પરંતુ વિદ્યા એકમાંજ સુખનો સમાસ છે. અર્થવ્યવહાર સુખનું સાધન છે. પરંતુ એકલા દ્રવ્યથી તો કુમાર્ગ, કુત્સિતાચાર, ગર્વ, મોહ, આદિ અનેક દુષ્ટ વાતો ઉદ્‌ભવે અને અનેક કુટિલ જાળ વિસ્તાર પામે અને કવચિત્ અર્થ સાધ્ય વસ્તુ સિદ્ધ ન થતાં અનેક માનસિક પીડા પેદા થાય છે. તે બધું અટકાવવા અર્થ સાથેજ વિદ્યાનો સમાસ કરેલો છે. એટલુંજ નહિ પણ પ્રથમ વિદ્યાને અને પછી અર્થને એવો ક્રમ બતાવી વિદ્યાની ઉત્તમતા બતાવી છે. સંસારમાં બધી વાત મનુષ્યના ધારવા પ્રમાણે થતી નથી બને તો તેમાં પણ ન્યૂનતા રહે છે. આવા સમયે મનને સ્થિર રાખનાર વિદ્યા છે. વિદ્યા એજ સુખના યથાર્થ સ્વરૂપને સમજાવનાર, ચિત્તને પરમ શાન્તિમાં રાખનાર, ઉત્તમોત્તમ આનંદ અનુભવાવનાર અને પરમ સુખની સિદ્ધિ કરી આપનાર રસાયણ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગ, દ્વેશ આદિ મનુષ્યના મહાન રીપુઓને વિદ્યા નાશ કરનારી છે.

કેટલાક અજ્ઞજનો કહે છે કે "ભણ્યા એટલે ઉધર્યા" "સુખને બદલે દુઃખ પ્રાપ્ત થાય છે." આ વાકયો કેટલેક અંશે સત્ય છે. પરંતુ આ વાકયો પરિપકવ વિદ્યાને લાગુ પડતાં નથી. માત્ર અપૂર્ણ વિદ્યાને તથા જેનું જ્ઞાન પુસ્તકોમાંજ રહે છે તેને લાગુ પડે છે. આપણી અજ્ઞાનતાએ આપણે થોડું ભણીએ છીએ એટલે બહુ કરીને લાગે છે અને તેના અભિમાની થઇએ છીએ. આ હાનીકારક છે. કહ્યું છે કે अल्प विद्यो महागर्वी અપૂર્ણ વિદ્યાથી અભિમાન પેદા થાય છે. આ પ્રમાણે જ્યારે અભિમાની થવાય છે, ત્યારે કલેશ આદિ દુર્ગુણો ઉદ્‌ભવે છે. કલેશ આદિ દુર્ગુણોમાંથી સુખને બદલે દુઃખના ભોક્તા થવાય છે અને લોકના મોઢે નિંદાને પાત્ર થવાય છે. માટે પૂર્ણ ભણી સદ્‌વિદ્યાને પ્રાપ્ત

કરવામાં આવે તો તે સદ્‌ગુણો અર્પી સુખી કરે છે. વિદ્યાવડે ગમે તે વખતે જે વસ્તુ પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે તે વસ્તુ પ્રાપ્ત કરી શકાય છે કહ્યું છે કેઃ–

कामधेनु गुणा विद्या ह्यकाले फलदायिनी.

વિદ્યામાં કામધેનુના જેવા ગુણ રહેલ છે કેમકે તે કવખતે પણ ફલની આપનારીછે.

વિદ્યા પ્રવાસમાં માતા સમાન છે, એટલે પ્રવાસમાં કોઇ પ્રકારની અડચણ નહિ નડતાં તેના વડે દરેક પ્રકારનું સુખ મેળવી શકાય છે તદુપરાંત માન અકરામ પણ મળે છે. વિદ્યા ગુપ્ત ધન છે. વિદ્યારૂપિ ધનને ચોરનો તથા અન્યનો ભય નથી તેને કોઈ છીનવી શકતું નથી તથા ભાઇઓ ભાગ પડાવી શકતા નથી. કહ્યું છે કે विद्या गुप्तधनं स्मृतम् વિદ્યાને ગુપ્ત ધન પણ કહે છે. વિદ્યા રૂપી ધનનું દાન કરવાથી તે ખુટતું નથી પરંતુ તેમાં વધારો થયા કરે છે એટલે તે અખુટ ભંડાર છે જે નહિ ખુટતાં ઉલટું વ્યાજ કરે છે. વિદ્યા જેમાં મળે છે તેને બલવાન અને ગુણવાન કરે છે. જેથી વિદ્યા બહુ ગુણી તથા ગુણદાત્રી છે. વિદ્યાથી ઝેર પણ અમૃત બની જાય છે. વિદ્યા નજીવી વસ્તુને કીમતી બનાવેછે.

અજ્ઞાન મારનાર છે, જ્ઞાન તારનાર છે. અજ્ઞાનતા મનુષ્યને પશુ સમાન બનાવે છે. જ્ઞાનદેવ સમાન બનાવે છે. અજ્ઞાન નરકમાં નાંખનાર છે. જ્ઞાન સ્વર્ગમાં પહોંચાડનાર છે. અજ્ઞાનથી દુઃખ નીપજે છે. જ્ઞાનથી સુખનો અધિકાર થાય છે. સેકસ્પીઅર વદે છે કે–

અજ્ઞાન ઇશ્વરનો શાપ છે. જ્ઞાન એ પક્ષ છે તે વડે આપણે સ્વર્ગ પ્રતિ ઉડીએ છીએ.

આ સંસારમાં અનેક ધનવાનો છે. પણ જો તેઓમાં વિદ્યા નહોય તો તે પશુ સમાન છે. કહ્યું છે કે, ज्ञानेन हिना पशुभिः समानाः જ્ઞાન વિનાનો મનુષ્ય પશુ સમાન કહેવાય છે. તદુપરાંત કહ્યું છે કેઃ—

किं कुलेन विशालेन विद्याहिनेन देहिनाम् ।
दुष्कुलं चापि विदेषो देवैरपि सु पूज्यते ॥

ઉંચા કુળનો હોવા છતાં જો તે વિદ્યાહિન હોય તો તેથી શું લાભ થવાનો હતો વિદ્વાનનું કુળ નીચું હોય તોપણ તે દેવતાઓ પેઠે પુજાય છે.

તે મનુષ્યમાં વિદ્યાદેવીનો નિવાસ છે તે કેમ પુજ્ય ન હોય! આપણા જાણવામાં છે કે ભવભૂતિ, કાળીદાસ બાણભટ આદિ મહાન પંડિતો જગપ્રસિદ્ધ છે. વિદ્યાદેવીના પ્રતાપથીજ તેઓની કીર્તીનું ગાન હજારો વર્ષ થયા છતાં આજે ગવાય છે. તેઓ વિદ્યારૂપી અમૃતનું પાન કરી પોતાનાં નામ આ સૃષ્ટિમાં અમર કરી ગયા છે. ઇંગ્લાંડ એક નાનુ સરખું રાજ્ય વિદ્યાદેવીના પ્રતાપથીજ આપણા મહાન દેશ તથા અન્ય અનેક દેશો ઉપર સર્વોપરિ સત્તા ચલાવે છે. આજે યુરોપમાં મહાન વિગ્રહ ચાલે છે તે વિગ્રહમાં લડાઇનાં સાધનો એવાં છે કે જે આપણને અજાયબી પમાડે છે. તે પણ વિદ્યાદેવીની ઉપાસનાથીજ પ્રાપ્ત કરવાને તેઓ ભાગ્યશાળી થયા છે. તેઓ આપણા દેશમાંથી લાખો મણ કાચુ લોઢું તથા અન્ય દરેક ધાતુઓ પોતાના દેશમાં ખેંચી જાય છે. અને તેજ ધાતુઓના મશીન વિગેરે જુદી જુદી વસ્તુઓ બની આપણા દેશમાં આવે છે. જેની કીંમત આપણને બહુ ભારે પડવા છતાં આપણામાં તેવી વસ્તુઓ બનાવવાની શક્તિ તથા જ્ઞાન નહિ હોવાથી

તેનો ઉપયોગ કરીએ છીએ અને તેમના ઉપર આધાર રાખીએ છીએ. વિદ્યાથી જાપાન આજ કાલ વ્યાપારમાં તથા હુન્નરમાં કેટલું બધુ આગળ વધી ગયું છે તે આપણે નજરે જોઇએ છીએ. તેઓ લાખો રૂ૰ આના માલીક છે. અને આપણો દેશ ફલદ્રુપ હોવા છતાં કંગાલીયત ભોગવે છે. અને તેમના ઉપર આધાર રાખે છે. તેનું કારણ માત્ર અજ્ઞાનતા છે.

આપણી જ્ઞાતિમાં બીજી જ્ઞાતિ કરતાં ઘણા થોડાજ વિદ્વાનો દ્રષ્ટિગોચર થાય છે. એટલે આપણી જ્ઞાતિનો ઘણો ભાગ અજ્ઞાન છે. અજ્ઞાનતાથી આપણી જ્ઞાતિ તેમના કરતાં ઘણી દરિદ્ર અને પછાત છે. સર્વોપકારિણી સર્વોપરિ વિદ્યાનું સંપાદન કરવામાં આવતુંજ નથી એજ આપણું દુર્ભાગ્ય છે, તે દુર્ભાગ્ય ટાળવા માટે આપણે વિદ્યાદેવીની ઉપાસના સતત કરવી જોઇએ.

આપણી જ્ઞાતિનો ઘણો ભાગ કૃષિકારો છે તેઓ એવી શંકા ઉપજાવે કે સૌ કોઇ ભણશે તો પછી ખેતીવાડી કોણ કરશે. તથા ખેતીવાડીમાં વિદ્યાની શી જરૂર છે. આ બોલવું કોઇ રીતે પાયાદાર નથી કારણ કે વિદ્યા એવી ઉત્તમ છે કે જેથી વ્યાપાર નોકરી અગર ખેતીવાડી જે પોતાને રૂચે તે કરી શકાય છે. દરેક કાર્યમાં વિદ્યારૂપી જળ સિંચનની જરૂર છે. જે કાર્યમાં જેટલે અંશે વિદ્યાનો ઉપયોગ કરવામાં આવ્યો હશે તેટલે અંશે તે કાર્ય દીપી નીકળશે. રાયથી રંક સુધી દરેક મનુષ્ય પોતાનું કાર્ય વિદ્યાવડેજ કરે છે. ખેતીવાડીના કાર્યમાં ઘણા જનો હુંશીયાર છે અને તેઓ ખેતીવાડી સારી કરે છે એવું કહેતાં આપણે ઘણા જનો પાસેથી સાંભળ્યું હશે. તે શું ? તે માણસોમાં ખેતીવાડી સંબંધી જ્ઞાન હોવું જોઇએ.

કૃષિકારોએ-ખેડુતોએ રૂતુ તથા જમીન અનુસાર કયું ધાન્ય તથા બીજી વસ્તુ વાવવાને યોગ્ય છે તે તથા તે જમીન ધાન્ય તથા બીજી વસ્તુઓની સારી રીતે પેદાશ કરી આપે એવી રીતનું તેને ખાતર આદિનું પોષણ આપવાનું જ્ઞાન હોવું જોઇએ. તથા છોડવાઓ બગડયા પછી અગર બગડવાની તૈયારી હોય તે વખતે તેને કેવા પ્રકારથી તથા શું સાધનથી સુધારવાની જરૂર છે તે જાણવાની તેને આવશ્યકતા છે.

આપણી જ્ઞાતિના ઘણા કૃષિકારો અજ્ઞાન છે. જેથી તેઓ વાર્ષીક પેદાશ કેટલી આવે છે અને ખર્ચ કેટલું થાય છે વગેરેનો હીસાબ રાખવાનું જાણી શકતા નથી આથી બીજા કોઈ ભણેલા વ્યાપારી સાથે કામ પાડવું પડે છે. જે વ્યાપારી તે ખેડુત જ્ઞાતિબંધુની સર્વ પેદાશ પોતાના ઘેર લઇ જાય છે. અને ખર્ચ આપે છે તેને પોતાનું લેવું છે છતાં તેને વ્યાપારીની તાબેદારીમાં રહેવું પડે છે, એટલે તેની મરજી ઘણી વખત ઉઠાવવી પડે છે. છેવટે હીસાબ કરતાં એકના ત્રણ ગણા કરી તેની પાસે પોતાનું લેણું કાઢે છે જેથી તે બંધુ દેણદાર થતાં દીનપ્રતિદીન તેની સ્થિતિ કઢંગી બનતી જાય છે. પણ ખરૂં જોતાં તે બંધુની પેદાશ ખર્ચ કરતાં વધારે હોય છે. છતાં આવું બનવા વખત આવે છે. શરીર તોડ મહેનત કર્યા છતાં આપણે દરિદ્ર રહીએ છીએ અને તેઓ આપણી મહેનતે પૈસાદાર બને છે, કેવું આશ્ચર્ય કેવી અજ્ઞાનતા !

અજ્ઞાનતાથી આપણે બાળલગ્નના અધમ રીવાજમાં સપડાયા છીએ. જે બાળ લગ્ન વિદ્યા પ્રાપ્ત કરવામાં મહાન અડચણરૂપ છે. બાળલગ્નથી બ્રહ્મચર્યનું ખંડન થાય

સ્ત્રીઓની મુખ્ય ફરજ.*

હે બ્હેનો ! પતિ પ્રત્યે આપણું શું કર્તવ્ય છે; કે પતિની સેવા કરવી એજ સ્ત્રીનો મહાન્ ધર્મ, વૃત્ત અને મહાન્ તિર્થ છે.

પતિ એ જ પરમેશ્વર છે. એમ માની હમેશાં સ્ત્રીએ પતિની ખરા ભાવથી પ્રેમ પૂર્વક સેવા કરવી જોઇએ.

ગૃહ એ દેવળ છે, અને તેમાં પતિરૂપ પરમેશ્વરની સેવા કરવાથી—દર્શન કરવાથી સ્ત્રીને બીજા દેવળોમાં બીજા દેવોના દર્શનની અથવા સેવાની કંઇ જરૂર નથી; પણ પતિ-રૂપ પરમેશ્વરનીજ સેવા કરવાથી મોક્ષ મળે છે. સતિ સ્ત્રીઓના દાખલા જોવાથી સમજાય છે કે સતિ સ્ત્રીઓ પોતાના પતિની સેવા પોતાના શરીરની દરકાર રાખ્યા સિવાય, અનેક કષ્ટો સહન કરી, દુઃખમાં સુખ માની ખરી રીતે કર્યાના દાખલા જોવામાં આવે છે. જેમકે—સતિ સીતાજી કે પોતાના પતિ રામચંદ્રજીને સાથે વનવાસમાં સાથે નીકળ્યાં. તે રાજવંશી હતાં, છતાં પતિના દુઃખમાં ભાગ લેવા પોતાનું કમળ સરખું કોમળ શરીર તે સૂર્યના તાપમાં કરમાવી નાંખ્યું, ટાઢ તડકો સહન કર્યો, કાંટા કાંકરામાં ચાલ્યા, કંદ મૂળ ખાધાં, અનેક પશુ, રાક્ષસોનો ભય સહન કર્યા, કેટલાક દિવસ ફળ ફુલ સિવાય ઉપવાસ પણ કર્યા, એટલુંજ નહિ પણ દુષ્ટ રાવણ તેમને ઉપાડી ગયો, અશોક વાડીમાં જેલ રૂપે રહેવુ પડયું; પરંતુ તે દુઃખને પોતે સુખી માની પોતાના પ્રિય પતિનું “ શ્રી રામ, રામ, રામ ” એમ રટણ કર્યા કર્યું પણ પોતાના દૃઢ વૃત્તને પાળ્યું. ધન્ય છે ! એવી સતી વીર બાળાઓને !

તેવીજ રીતે સતિ દ્રૌપદિ, સતિ દમયંતી અને સાવિત્રી વગેરે મહાન્ સતિ સ્ત્રીઓએ પોતાના પતિ રૂપ પરમેશ્વરની એક નિષ્ઠાથી અનેક કષ્ટો સહી સેવા કરી આ દુનીયામાં પોતાનું નામ અમર કરી ગયાં છે. સતિ સાવિત્રીએ પોતાની પતિ વૃત્તના પ્રબળે પોતાના મૃત પતિને સજીવન કર્યો; માટે હે બ્હેનો ! જરા સમજો, તે પતિ વૃત ધર્મની કિંમત આંકો.

સ્ત્રીએ પતિની ભક્તિ કેવી રીતે કરવી ? એક વખત શ્રી કૃષ્ણનાં પત્ની સત્યભામા, સતિ દ્રૌપદી પાસે આવ્યાં ને પૂછયું, “ બ્હેન દ્રૌપદી ! સાંભળ્યું છે, કે તમે તમારા પતિને વશ કરી દીધા છે; તે વશીકરણ તમે મને શીખવો, કે જેથી હું પણ મારા પતિને વશ કરી દઉં. ત્યારે દ્રૌપદીએ કહ્યું, કે બ્હેન, સત્ય ભામા ! તમે અજ્ઞાન સ્ત્રીઓની પેઠે શું બોલો છો ? તમે કૃષ્ણ પરમાત્મા જેવા પતિની પત્ની હોવા છતાં તમારી આટલી

*એક બ્હેન તરફથી આ લેખ આવ્યો છે. અન્ય બ્હેનો પોતાની ભાવના પ્રસિદ્ધ કરી સ્ત્રી વર્ગની ઉન્નતિ સાધવા પ્રયત્ન કરે તેને કોઇપણ જોખમે મદદ કરવાને હાલનો જમાનો વધારે અનુકૂળ છે. આપણા માટે તે સત્યને સ્વીકારવાની ઘણી જરૂર છે, એટલે જ્ઞાતિની કેળવાયેલી બ્હેનો તેમજ તેવી પુત્રીઓના પિતા અને તેવી સ્ત્રીઓના ભાગ્યશાળી પતિ પ્રત્યે અમારી ખાસ વિનંતી છે કે તેમની ઉત્તમ ભાવનાઓ વધારે દૃઢીભૂત થાય તે માટે તેમના વિચારો છુટથી જનસમાજ આગળ રજુ કરવાની તક આપવી અને તેમને તે માર્ગે પ્રયાણ કરાવવાનો પ્રયત્ન કરવો એ ખાસ જરૂરનું છે. સ્ત્રી ઉપયોગી દરેક લેખ છુટથી લેવામાં આવશે-સ્ત્રી લેખને પ્રથમ સ્થાન મળશે. તંત્રી.

બધી અજ્ઞાનતા કેમ છે ? બ્હેન ! મારી પાસે વશીકરણ એટલુંજ છે, કે હું મારા પતિના ઊઠયા પહેલાં ઊઠું છું, પતિ માટે દાતણ પાણી વગેરે તૈયાર રાખું છું, પછી ઘરનું તમામ કામકાજ કરી તેમને સ્વાદિષ્ટ રસોઇ કરી જમાડું છું, તેમના જમ્યા પછી જમું છું, તેઓ બહારના કામ કાજથી કંટાળી ઘેર આવે છે, ત્યારે તેમના પ્રત્યે હસતા મોંઢે વાર્તાલાપ કરી તેમના કંટાળેલા મગજને શાંતિ આપું છું, તેમના સુઇ ગયા પછી તેમના ચરણ ચાંપી હું સુઇ જાઉં છું, અને તેમની બધી આજ્ઞાઓ દૃઢ મનથી માનું છું. બેન ! આનું નામજ વશીકરણ. બ્હેન ! ધન્ય છે ! તમને. હું આજે તમારો ઉપદેશ ગ્રહણ કરૂં છું. " બ્હેનો ! ઉપરના વશીકરણ મંત્રનું આપણે અનુકરણ કરી આપણા પતિરૂપ પરમેશ્વરને વશ કરો. ઉપર પ્રમાણે કરવાથી પતિ આપણા વશ થઇ જશે.

બ્હેનો ! આ સંસારમાં ખોટા માર્ગે લઇ જનારી વ્યર્થ લાલચો ઘણાં મનુષ્યને લલચાવે છે, તો એ લાલચોમાં ન લપટાવું તેજ ખરૂં કર્તવ્ય છે. જેને પતિવૃત્તના મહાન્ ધર્મની ખબર હોતી નથી, તેવી સ્ત્રીઓ તેવી લાલચોમાં લપટાઇ ખોટાં કૃત્ય કરતાં શીખે છે; અને તેથી પતિને તેમજ જન સમુદાયમાં અળખામણી થાય છે, તેટલુંજ નહિં પરંતુ પોતાના બાપ દાદાની આબરૂ ગુમાવે છે. તો બ્હેનો ! ખોટી લાલચોમાં ન લપટાવવા સાવધાન રહેવું. જુવાનીનો સમય આ લાલચોમાં ઝટ સપડાવી દે છે, કારણ કે "જુવાની એ દિવાની છે." તો બ્હેનો ! કાજળની કોટડીમાં રહેવું અને જેમ ડાઘ ન પડવા દેવા. જેટલી સાવચેતી રાખવી ઘટે છે, તેટલીજ સાવચેતી જુવાનીના સમયમાં અપકીર્તિરૂપ ડાઘ ન પડવા દેવા રાખવી ઘટે છે.

બ્હેનો ! પતિની કુથલી કરનાર અજ્ઞાન સ્ત્રીઓ પાસે બેસવું નહિ; સોબત કરવી નહિ. કારણ કે " સોબત તેવી અસર, ને જાત તેવી ભાત " એ કહેવત પ્રમાણે જેવી જાતની તેમજ જેવા સ્વભાવની સ્ત્રી સાથે સોબત થાય તે પ્રમાણે આપણને વિચાર આવે છે. માટે બ્હેનો ! નીચ સ્ત્રીનો સંગ ન કરવો.

પતિ ગમે તેવો હોય તોપણ સતિ સ્ત્રીઓ તેમને સુધારી સુખી ગૃહ સંસાર ભોગવે છે.

સતિ સ્ત્રીઓએ પોતાના પતિની જેવી સ્થિતિ હોય, તેજ પ્રમાણે તેમની પાસે ખર્ચ કરાવવું. ખાટી જક કરી વ્યર્થ ખર્ચ ન કરાવવું; ને જે સ્થિતિ હોય તેમાંજ સંતોષ માનવો ને પતિને રાજી રાખવો તેજ સતિ સ્ત્રીનું કર્તવ્ય છે.

ખરેખર ! સતિ સ્ત્રી એક તરણાની ઝુંપડીમાં પોતાના પતિની સાથે ખરા પ્રેમથી રહી એ તૃણની ઝુંપડીને એક સુંદર મહેલ સમાન લેખી તેમાંજ આનંદ માને છે.

સતિ સ્ત્રી પૈસો, મ્હેલ, ઘરેણું કે બીજા કોઇ અલંકારની ઇચ્છા રાખતી નથી પણ તે પોતાના પતિના પ્રેમનીજ તીવ્ર ઇચ્છા રાખે છે.

પતિ ભક્તિ એ સ્ત્રીને સંસાર સાગર તરવાની એક હોડી છે, પતિ ભક્તિ એજ સ્ત્રીને પોતાની કીર્તિને ઉજ્વલ કરનાર પ્રકાશમાન્ દીપક છે, અને પતિ ભક્તિ એજ સ્ત્રીનો પોતાના પતિને વશ કરવાનો મહાન્ વશીકરણ મંત્ર છે

લી. એક બ્હેન.

भूलका सुधार— कडवा विजय अगष्ट सन १८ के अंक ८ में निमाडके ३ ग्रहस्थोंका मरण समाचार छपा है. उसमें सुन्द्रेलके देवी बेचरजीका नाम छपा है सो गलत है. "देवी बेचरजीके वृध्ध बंधु पुंजनजीका स्वर्गवास हुआ है."

શ્રી કડવા પા. હી. મહામંડળના જનરલ સેક્રેટરી—

મી. કરસનદાસભાઈ જેસીંગભાઈ મુનસફ સાહેબ જોગ.

દશ બાર વર્ષ થયાં જ્ઞાતિઉન્નતિની હીલચાલમાં આપ ભાગ લો છો એ વાત કોઇથી અજાણી નથી, સમાજની વડોદરા મુકામે થયેલી બેઠકના આપ પ્રમુખ હતા અને ત્યાર બાદ પાટડીના મેળાવડા વખતે સ્થપાયેલી મહામંડળ નામની સંસ્થાના ઉત્પાદકો પૈકીના આપ એક છો તેમજ સદરહુ સંસ્થાના જનરલ સેક્રેટરીની જગ્યા આપે શરૂઆતથી સ્વીકારી છે અને તેના નેતા તરિકે આપ હોવાનું લોકોની સમજમાં છે એ વાત આપના લક્ષપર મુકવાની જરૂર નથી. મહામંડળ નામક સંસ્થાના નિયમો ઘડી તેને રજીષ્ટર કરાવામાં તેમજ સભાની જનરલ મીટીંગમાં તેને પાસ કરાવામાં પણ આપેજ સારી મહેનત ઉઠાવી હોય એવું લેખકની સમજમાં છે. અસ્તુ. જ્ઞાતિની એક મોટી પ્રતિનીધિત્વવાળી સભા કે જેને આપણે "સમાજ" ના નામથી ઓળખીએ છીએ તે સમાજ અને મહા-મંડળને એક બીજા સાથે નજીકનો સંબંધ છે અને એક બીજાના આધારે બની રહી છે એમ સઘળાનું માનવું છે. મહામંડળ નામક સંસ્થા સમાજ પ્રત્યે કેવો ભાવ ધરાવે છે એ જાણવા સમાજે ઘણું કર્યું છે. નેકનામદાર પ્રમુખ સાહેબ તથા આપને વારંવાર જ્ઞાતિ સંસ્થાઓ તરફથી પત્ર વહેવાર અને ઠરાવોદ્વારા વિનંતીઓ કરવામાં આવી છે તેનું પરિણામ મારી જાણમાં નહીં આવવાથી આજે જ્ઞાતિના માસિક પત્રદ્વારા કેટલાક ખુલાસા જાણવાની જરૂર પડી છે. કારણ એ વાત ભાગ્યેજ કોઈ સ્વીકારે કે મહામંડળના જનરલ સેક્રેટરીને મૌન ધારણ કરવાની ટેવ હશે! કદાચ ન હોય તો લેખક તે જાણીને ઘણો ખુશી થશે, જ્ઞાતિ અને હું આભાર માનીશું.

સંસ્થાના ચાલકો એક બીજા પ્રત્યે લાગણી ધરાવી હીતાહીતનો વિચાર કરે ત્યારેજ કાર્ય થઈ શકે, જનસમાજની સહાનુભૂતિ ત્યારેજ મેળવી શકાય. સમાજના આગેવાનો પૈકીના આપ પણ એક છો, તેનો વિશ્વાસ ખોઇ દેવાનું આપને યોગ્ય લાગે એમ સમા-જનું ધારવું નથી છતાં સમાજ ઉપર મહેરબાની બતાવાની ખાતર પણ આપે સમાજને કોઇ પ્રકારે અત્યાર સુધી મદદ કર્યાનું મારી જાણમાંતો નથીજ. કદાચ સમાજ તરફની આપની દિલસોજી મટી ગઈ હોય પણ એવી દિલસોજી આપ જે સંસ્થાના જનરલ સેક્રેટ-રીનો માનવંતો હોદ્દો ભોગવો છો તે સંસ્થા પ્રત્યે તો નથી થઇ ગઇને? મોગલાઇ કે અવ્યવસ્થાનો આ જમાનો નથી. માનવંતા હીંદી પ્રધાન અને આપણા નામદાર વૉઈસરોય સાહેબે હમણાં હિન્દી પ્રજાના હીતાર્થે સ્વરાજ્ય આપવાની યોજના ઘડી છે તેના પ્રત્યે જે ઉહાપોહ થાય છે તે જમાનામાં આપ મહામંડળના જનરલ સેક્રેટરીનો માનવંતો હોદ્દો ભોગવો છો એ વાત આપ સાહેબના નેક લક્ષ ઉપર મુંકવા સેવક પોતાની ફરજ વિચારે છે. આપ સાહેબ પણ એક ખાનદાન કુટુંબના છો, આપની વિદ્વતા અને પ્રાપ્ત કરેલા હોદ્દા માટે જ્ઞાતિ માન ધરાવે છે, એ વિદ્વતા અને લાગવગનો લાભ જ્ઞાતિને આપ તરફથી મળવા જોઇએ એવો દાવો જ્ઞાતિ શા માટે ન કરી શકે? આપને જો એમ લાગતું હોય કે કરી શકે તો સેવક આપને આપનું મહામંડળ સ્થાપવાની જરૂરીઆત અને ઉદ્દેશ અને મદદ મેળવવાની આકાંક્ષાવાળું ભાષણ જે પાટડીના મેળાવડા વખતે આપે આપ્યું હતું તે બેઠકના રિપોર્ટમાંથી જોઇ જવાની તસ્દી લેવા વિનંતી કરે છે. આપના જે

મગજમાં જનસમાજની માગણીને પહોંચી વળનારાં તત્વો ન હોય એમ કોણ માને ? બેશક આપના વિચારો મનનીય હોયજ તેમાં શંકા નથી પણ તે જણાવી લોકમત કેળવવા આપ તસ્દી કેમ લેતા નથી એ વાત લોકદ્રષ્ટિએ નવાઈ જેવી છે. સમાજે કરેલા ઠરાવ અગર યુવક મંડળે પોકારેલા શબ્દો તરફ આપને ભલે અભાવ હોય (?) પણ જ્ઞાતિના ભવિષ્યને ઘડનાઓ પૈકીમાં આપ જે સ્થાન ધરાવો છો તેના તે આપે અવશ્ય વિચાર કરવો જોઇએ. ન કરો તો "નથી કરવાનો" એમ પણ હવે તો આપે કહીજ દેવું જોઇએ કારણ તેમ કરવાનો આ સુયોગ છે.

એક ખાસ બાબત આપના ધ્યાનપર મુકવા સેવક રજા લે છે અને તે એ છે કે મહામંડળના પ્રમુખ તરિકે પાટડીના નામદાર દરબારશ્રીને ઠરાવામાં આવ્યા છે તે બાબત લોકોને રૂચતી નથી એવી વાતો સદરહુ મંડળને લાગતા વળગતા તરફથી પોતાના બચાવ પેટે કરવામાં આવતી હોવાનું સમજાય છે. આ બાબત તદ્દન બાળકના વિચારો કરતાં વધાર મહત્વની નથી. કોઈપણ સંસ્થાના પ્રમુખ નામદાર દરબારશ્રી હોય એ વાત સંસ્થાને લાભદાયી છે એટલુંજ નહિ પરંતુ તે સંસ્થાની કીર્તિમાં ખૂબ વધારો કરનારી બાબત છે. એટલે એવી વજન વગરની અને જ્ઞાતિને અવળે માર્ગે દોરનારી વાત ભાગ્યેજ કોઇ જ્ઞાતિબંધુ સ્વીકારશે. તે સાથે જ્ઞાતિના દરેકે દરેક બંધુને સેવકની એ પ્રાર્થના છે કે કેઇ પણ સંસ્થામાં નેકનામદારશ્રી જોડાય અગર તેને સહાનુભૂતિ આપે એવો દરેક પ્રયત્ન કરવામાંથી પશ્ચાત રહેવું નહિ જ્ઞાતિના તે શીરોમણિ છે એવાત લેખક સર્વાંશે સ્વીકારે છે. તે સાથે જે સંસ્થાના (જ્ઞાતિની) પોતે શીરોમણિ છે તે સંસ્થાના સંચાલકો, નેતાઓ અને નોકરો પ્રત્યે લેખકની ખાસ સુચના છે કે સંસ્થાનું કાર્ય બજાવતાં, ગુમાન રાખી કોઇનું બોલવું ન ગણકારવું એ સંસ્થા અને નામદાર દરબારશ્રી એમ બંનેના કીર્તિમાં અને ગૌરવમાં ઘટાડો કરનારૂં છે એ ભુલવું નહિ.

આપ સાહેબને એ વાત તો જરૂર સ્વીકારવી પડશે કે એક માણસનું ખાનગી જીવન અને સંસ્થાના નેતા અગર સંચાલક તરિકેનું જીવન એ બે પરસ્પર ભિન્ન બાબતો છે. એટલે જ્યાં જ્યાં સંસ્થાની વતી કાર્ય કરવાની જરૂર અગર ફરજ ઊભી થાય ત્યાં ખાનગી માન અગર મતને સ્થાન હોતું નથી એટલે સંસ્થાના ચાલક પોતાના વિચારો જન સમાજ આગળ અવશ્યે રજુ કરવા પડે છે અને તેમ કરવાથીજ લોક હીત સાધી શકાય છે. ઘરના ખુણામાં કોઇ વાત પ્રેકટીકલ લાગે છે તેની તેજ વાત પબ્લીકમાં ઈમ્પ્રેકટીકલ અથવા અવ્યહારૂ લાગે છે એટલે લોકમત જાણવા અગર પોતાનો મત જણાવવામાં પશ્ચાત રહેવું એ ગુણને વિદ્વાનો શ્રેષ્ટ પ્રકારનો માનતા નથી. આપ સાહેબ તરફથી નીચેની હકીકત જાણવા સેવક ઇચ્છા ધરાવે છે.

૧. મહામંડળ જેવી સંસ્થામાં ઉપલા ધોરણના-કોલેજના-વિદ્યાર્થિઓને સ્થાન આપવાની પદ્ધતિ મટી ગઈ છે તેનું શું કારણ છે ?

૨. જ્ઞાતિના વિદ્યાર્થિઓને મહામંડળ છુટથી મદદ કરી શકે નહિ, જગ્યા નથી અગર પૈસા નથી એવો જવાબ મહામંડળ આપી શકે ખરૂં ? અને આપે તો કેળવણી આપનારી બીજી સંસ્થા જ્ઞાતિમાં ખોલી શકાય તેમ છે ?

૩. મહામંડળે જે જે ઉદ્દેશ રાખ્યા છે તે પૈકી કેટલા ઉદ્દેશને કેટલા પ્રમાણમાં તે પહોંચી વળે છે ? જ્યાં નથી પહોંચાતું તે માટે શું ધાર્યું છે ?

૪. સમાજ અગર યુવકમંડળ જે ઠરાવો મહામંડળ ઉપર મોકલી આપ્યા છે તે વિષે આપ સાહેબનો તેમજ પ્રમુખ સાહેબનો શું અભિપ્રાય થયો છે. ? તે સંસ્થાઓ પ્રત્યે મહામંડળ દિવસોજી અગર સંબંધ ધરાવે છે કે નહિ ?

૫. જ્ઞાતિના દરેક વિદ્યાર્થિઓ–ઉચ્ચ કેળવણી લેના ને સ્કોલરશીપ આપવા અગર બોર્ડિંગમાં રાખવા મહામંડળના નિયમોજ આપને પછાત રાખે છે કે બીજું કારણ છે ? જો નિયમોજ હોય તો તેમાં ફેરફાર કરવા અને જ્ઞાતિમાં પહેલી તકે ઉચ્ચ પ્રકારની કેળવણીનો ફેલાવો કરવામાં મંડળનાં નાણાં છુટથી વાપરવા વિષે આપનો શું અભિપ્રાય છે. ?

૬. જ્ઞાતિના વિદ્યાર્થિઓ માટે બોર્ડિંગહાઉસ બાંધવાનું કેમ થયું. ?

૭. અમદાવાદ સિવાય અન્ય સ્થળે જ્ઞાતિના વિદ્યાર્થિઓ આશ્રમ કરીને રહેતા હોય તો તેમને મહામંડળ મદદ કરી શકશે ?

૮. જ્ઞાતિની સાંસારિક સ્થિતિ સુધારવાનો મંડળનો ઉદ્દેશ છે તે કયા પ્રકારનો. ?

૯. દેશના અન્ય કોમો જેવી કે, લુહાણા, ભોજા, મેમણ, પારસી, વાણીઆ અગર તેવીજ બીજી જ્ઞાતિઓ પાસે જ્ઞાતિના વિદ્યાર્થિઓ અગર તેવું મંડળ એમ કહીને ભીખ માગે કે "મહામંડળ જેવી સંસ્થા અમારી જ્ઞાતિમાં છે અને અમને મદદ કરતી નથી" તો મહામંડળને કાંઇ વાંધો છે. ?

આશા રાખું છું કે આ બાબત કડવા વિજય મારફત આપ પત્રવ્યવહાર કરી સેવકને આભારી કરશો.

લી. આપનો કૃપાકાંક્ષી બંધુ.

સુચના–મહામંડળના કોઇપણ સભ્ય અગર કાર્યવાહકના વિચારોને છુટવા આ પત્રમાં સ્થાન મળશે. જવાબ નહીં વાળવા ઇચ્છતા તેના કાંઈ માટે અમે કાઇ રીતે જવાબદાર નથી. કોઇ પણ સંસ્થા અગર તેના કાર્યવાહકને લગતી યોગ્ય ટીકાને સ્થાન આપવાની અમારી ફરજ વિસારી શકતા નથી.

અધિપતિ.

ખાસ ઉપયોગી સમાચાર.

નિરાધારને મદદ—કરવાના ફંડમાંથી નીચે પ્રમાણે મદદ કરવામાં આવ્યાનું અમને દેશાઈ અમરસિંહજી જણાવે છે.

રૂ. ૧૦) જ્ઞાતિના બે વિધવા વૃદ્ધ બાઇઓને અનાજ આપવામાં.

રૂ ૯) મહા મંડળ બોર્ડિંગમાં ભણતા એક વિદ્યાર્થિની મદદ માટે અરજી આવેલી તે ઉપરથી બોર્ડિંગની ફી તથા સ્કુલ ફીના એક માસના. સદરહુ વિદ્યાર્થિને આવતા માર્ચની મેટ્રીકની પરિક્ષા થાય ત્યાં સુધી દર માસે એ પ્રમાણે મદદ આપવાની છે. મહામંડળ બોર્ડિંગની ફી ભરવા માટે બોર્ડિંગના વિદ્યાર્થિઓને અન્ય જગ્યાએ આશ્રય શોધવો પડે એ સમાચાર દુઃખદાયકજ છે. બોર્ડિંગ કમીટીના પ્રમુખનું આ તરફ ધ્યાન ખેંચી દરેક બંધુને જણાવવાનું કે દેશાઇ અમરસિંહજી એક સખી ગૃહસ્થ તરફથી જ્ઞાતિના સ્ત્રી પુરૂષોને મદદ આપે છે તેનો યોગ્ય માણસોને લાભ મળે તેમ પ્રયત્ન કરવો.

આવતી સમાજ ક્યાં ભરવી ? સેરથા ગામે ભરાયેલી સમાજની ગઈ બેઠકને હજી તો ત્રણ માસ થયા છે એટલામાં મુંબઈની પેટા શાખાના જો. સેક્રેટરી અમે આવ

બંધુઓ આવતા ડીસેમ્બરમાં સમાજની બેઠક મુંબઇ ખાતે ભરાય તો સારૂ એમ સમજી તપાસ કરવા લાગ્યા છે અને બેઠક વખતે તેમણે કરેલ માગણીનો સ્વીકાર કરવાની જીજ્ઞાસા ધરાવે છે. સમાજની માગણી લણી જગ્યાએથી કરવામાં આવી છે પરંતુ કઇ જગ્યાએ ભરવી તેનો નિર્ણય કરવાની સત્તા વ્યવસ્થાપક કમીટી ધરાવે છે એટલે આવતા ડીસેમ્બરમાં સમાજ ભરવાની વ્યવસ્થાપક કમીટીને જરૂર દેખાતી હોય તો સમાજના જનરલ સેક્રેટરી અને પ્રમુખ સાહેબે મુંબઇની પેટા ઑફીસના સેક્રેટરી સાથે પત્રવહેવાર કરી જોવો.

મુંબઇ જેવા સ્થળે સમાજની બેઠક ભરાય એ જો કે ગુજરાતી બંધુઓ માટે દુર જવા જેવું છે પરંતુ કચ્છ, નિમાડ અને માળવાના બંધુઓને સગવડ ભરેલું છે. તેમજ સેરથાની બેઠક હમણાંજ ગુજરાતમાં ભરાઇ છે એટલે તેની અસર મટી ગઇ નથી તો મુંબઇ જેવ નગરીમાં એક બેઠક થવાની જરૂર તો છેજ અને તે આવતા ડિસેમ્બરમાંજ થાય તો અડચણ જેવું કંઈ જણાતું નથી. ઐક્યના સિદ્ધાંતને વધારે નજીક જવા માટે મુંબઇનું સ્થળ સર્વોત્તમ છે. ચોમાસુ નિષ્ફળ નીવડવાની અસર ગુજરાતમાં હોવાથી આવતા ડીસેમ્બરમાં સમાજની બેઠક ભરવાનીજ વ્યવસ્થાપક કમીટીની ઇચ્છા હોય તો અમારા મત પ્રમાણે મુંબઇનું સ્થળ યોગ્ય છે, એટલે પ્રમુખ સાહેબે વ્ય. કમીટીનો મત જાણી લઇ ડીસેમ્બરમાં બેઠક ભરવી કે નહિ તેના નિર્ણય ઉપર આવી જવું અને જરૂર જણાય તો અન્ય પેટા શાખાઓના અભિપ્રાય જાણવા માટે પત્ર વહેવાર તાકીદે કરી જોવો.

સમાજની પેટા શાખાઓ—પૈકી વિરમગામ અને અમદાવાદની શાખાઓની પ્રવૃત્તિ ઘણું મંદ હોય તેમ લાગે છે. કડી પ્રાંતમાં હજી ગઈ બેઠકનો થાક ઉતર્યો નહીં હોય પરંતુ ત્યાંના બંધુઓને અમારી વિનંતી છે કે પ્રભુ કૃપાથી મેઘરાજાની પધરામણી થઈ છે અને ચિંતાતુર સામલો મટી ગયો છે, તો સમાજ પ્રત્યે બજાવવાની સેવાના કાર્યમાં આગળ વધવા, ધીમે ધીમે પ્રગતિ ચાલુ રાખવા અમારી વિનંતી છે. દરેક શાખાએ સમાજની બેઠક ડીસેમ્બરમાં ભરવી કે કેમ ? અને કયાં ભરવી તેનો પણ વિચાર કરી મુખ્ય શાખા સાથે પત્રવહેવાર ચાલુ રાખવાની જરૂર છે.

કચ્છના બંધુઓમાં જાગૃતિ—નિમાડ માળવાના બંધુઓ માફક કચ્છ જ્ઞાતિમાં પણ કર્તવ્ય પરાયણતા આવી હોય તેવું જણાય છે. ઘણાં વર્ષોથી ત્યાંના કડવા પાટીદારમાં બે પક્ષ પડી ગયા છે અને તેનું કારણ માત્ર ધાર્મિક મત ભેદ છે. ઇમામશાના પંથવાળા પીરાણા ધર્મને તજી દેવાની હિમ્મત કરી શકતા નથી અને તેનું કારણ માત્ર જ્ઞાતિ બંધારણ અને તેમને સોંપાયેલી પટલાઇની સત્તાનો દોર દમામ તુટી જવાના ભયથ ન હિન્દુ ન મુસલમાન એવા પંથને વળગી રહેવામાં પીરાણાનો કાકો અને આગેવાનો પ્રયત્ન કરે છે તેની સામી તરફ તેજ પંથનો એક વર્ગ—મુખ્યત્વે કરીને મુંબઇના યુવકો—પીરાણા ધર્મનો ત્યાગ કરી સનાતન ધર્મને સ્વીકારવા પ્રયત્ન કરે છે. આ મત ભેદ સાધારણ પ્રકારનો નથી. વાસ્તવિક રીતે તો મત ભેદ પણ નથી પણ પટેલોનો સ્વાર્થ અને યુવકોની ધર્મ પરાયણ થવાની જીજ્ઞાસા એમ એક બીજાની સામે ખડા થયાં છે. મુંબઇના યુવકો—પીરાણા પંથીઓ—કેટલા દરજ્જે ભોગ આપી સ્વધર્મને સાચવવા ઉત્સુક રહે છે તે જેવાનુ છે. તે સાથે બીજા પક્ષે સ્વામીનારાયણના પંથવાળું "સ્વધર્મ વર્ધક મંડળ" કે જેના મંત્રી રતનશી, રામજીભાઇ, નારણભાઇ વગેરે આગેવાનો છે તેઓ પણ પોતાની

જે જ્ઞાતિ બંધુઓ ધર્મ પરાયણ થવા ઉત્સુક બન્યા છે. તેમનો હાથ ઝાલી અધોગતિના ઉંડા ખાડામાથી તેમને કેટલા પ્રમાણમા બહાર ખેંચી શકે છે. તે જોવાના આ એક યોગ્ય તક છે. સ્વધર્મ વર્ધક મંડળ પોતાનો ઉદ્દેશ બર લાવવા દરેક પ્રકારનો ભોગ આપશેજ એવી અમારી ખાત્રી છે અને તેમના પ્રત્યે એ પણ વિનંતી છે કે જ્યાં સુધી પોતાનાજ બંધુઓ માટે વિશાળ યોજનાપર કાર્ય હાથ ધરવામાં આવશે નહિ ત્યાં સુધી મંડળ સ્થાપવાનો અર્થ માત્ર ગૌણુજ રહેશે. આ યુવક મંડળ (પીરાણા પંથી) અને સ્વધર્મ વર્ધક મંડળ એમ બંને સાથે અમારો પરિચય થયો છે અને જે હીલચાલ હમણાં શરૂ કરવામાં આવી છે તેને આ બંને મંડળોની મદદની જરૂર છે. યુવક મંડળના ઘણા બંધુઓ અજ્ઞાન અને પછાત છે તેમને દરેક પ્રકારની સહાય આપી સ્વધર્મ સમજાવી યોગ્ય માર્ગે લઇ જવાનું કાર્ય " સ્વધર્મ વર્ધક મંડળ " નું છે. જ્ઞાતિમાં મોટો વિરોધ ઉત્પન્ન થાય નહિ અને યુવકો એકલા ન પડી જાય એ બંને બાબતની કાળજી રાખી સનાતન ધર્મ અને બંધુત્વ ભાવનો વધારો થાય તે માર્ગ ગ્રહણ કરવામાં આવશે તો અમારી ખાત્રી છે કે સત્ય સેવા ધર્મનો વિજયજ છે. પીરાણા ધર્મનો ત્યાગ કરી સનાતન ધર્મ વહન કરવાની ઇચ્છા ધરાવનાર દરેક જ્ઞાતિ બંધુ માટે અમારી સંપુર્ણ હિતસોજી છે, તેમને મદદ કરવી એ દરેક બંધુની ફરજ છે. યુવક બંધુઓનો વિજય અમને નજીકજ દેખાય છે. અસ્તુ.

દિવાળીના અંક સંબંધી ખુલાસો—અમારા ગ્રાહકોને એક ભેટ આપવા લાયક ખાસ અંક બહાર પાડવાની ઇચ્છા ચાલુ વર્ષના પૃષ્ઠ ૧૦૧ અને ૧૨૩ મે અમે પ્રદર્શિત કરી ગયા છીએ તેમાં જણાવ્યા મુજબ તે ભેટ આપવાનો મોટો આધાર લવાજમ વસુલ આવવા ઉપર હતો. અમને જણાવતાં ઘણીજ દિલગીરી થાય છે કે લવાજમ વસુલ નહી આવવાથી ખાસ અંક બહાર પાડવાનો આશરે રૂ ૩૦૦ નો ખર્ચ કરવાનું અમને યોગ્ય જણાયું નથી. સમાજે અટકળેલા આંકડા મુજબ માસિકનો ખર્ચ કરવો જોઈએ. લવાજમ વસુલ આવ્યાં હોત તો સમાજની વ્ય. કમીટી પાસે તે ખર્ચ કરવાની અમે માગણી કરી શકત. આપણામાં કેટલી અજ્ઞાનતા અને બે દરકારી પણું છે તેનો વાચકો વિચાર કરી ભવિષ્યને માટે ગ્રાહક વર્ગને કંઈક ભેટનું પુસ્તક આપી શકાય તેમ સમજીને પણ લવાજમ આપવાની અભિરૂચી કરશો તો અમે તેમનો આભાર માનીશું કાગળ, શાહી અને છાપવાનાં કામની મોંઘવારી બેહદ વધી ગઇ છે, એ તરફ અમારા ગ્રાહક બંધુઓનું લક્ષ ખેંચાશે એવી આશા છે.

"પટેલ બંધુ"ના અભિપ્રાય—આપણી જ્ઞાતિના શેઠ સોમનાથભાઇ ૨૫ જીહાસે આશરે પોણાલાખ રૂા. ની સખાવત (ક. વિ. પૃ. ૫૭) જુદો જુદો આશય બર લાવવા માટે કરી દેશને ઉપયોગી થયા છે તે માટે લખતાં જણાવે છે—" આવા સજ્જન શ્રીમંતો જ્ઞાતિના ભૂષણ રૂપે છે. પ્રભુ એમને બીજાં પણ અનેક સત્કાર્યો કરાવવાના પ્રસંગો આપો એવું અમે ઇચ્છીશું. " તે સિવાય આપણા નેક નામદાર સ્વ. દરબારશ્રી સુર્યમલજીએ જે ઉદાર સખાવત કરવાનો વિચાર ધરાવતા હતા તે બદલ લખે છે કે—" પાટડીના સ્વર્ગસ્થ પરોપકારી દરબારશ્રીએ કડવા પાટીદાર કોમમાં કેળવણીનો વિસ્તાર વધારવા લાખ રૂપીઆ જેટલી મોટી રકમ આપવાનું જાહેર કર્યું હતું, પરંતુ તે પછી તેમનું અવસાન થયું અને એ રકમ કોમને મળી કે નહિ અને મળી હોય તો તેનો કેવો ઉપયોગ થાય

છે તે અમારી જાણમાં નથી." (પૃ. ૩૫૩) આપણા સ્વર્ગસ્થ તંત્રી ભાઇ પુરશોત્તમદાસ વિષે પટેલ બંધુના ઉદ્દગારો આપણી જ્ઞાતિ, ગૃહસ્થ વર્ગ અને જમીન જાગીરદાર સમક્ષ મુકવા અમને ઠીક જણાય છે અને તે આ પ્રમાણે છે—

"સ્વર્ગસ્થ ભાઇના પ્રસંગમાં અમે ઘણીવાર આવ્યા છીએ. એમની નમ્રતા, એમનો વિવેક, સત્ય શોધવાની એમની ઉત્કંઠા અને ઉદાર વિચાર, એમની સમય સુચકતા અને અડગ હિમ્મત એ સઘળાં એમને માટે ભારે માન ઉત્પન્ન કરાવે છે, અંતકાળના એમના શબ્દો ખરેખર એક સમાજ સેવકને જોમ આપે એવા છે × × × × × આવા આત્માને માટે પ્રભુના દરબારમાં ચોક્કસ સ્થાન હોયજ એમાં શો શક? × × × અમને વિશ્વાસ છે કે આવા **સુયોગ્ય નરની સેવાની કદર નહિ કરવાનું** કલંક ગુજરાતની કડવા કોમ પોતાને માથે નહિ આવવા દે." પટેલ બંધુના માનવંતા, તંત્રીના અભિપ્રાય સાથે મળતા થઈ અમે પણ કહીશું કે આવા વિશુદ્ધ હૃદયના એક અમુલ્ય નિઃસ્વાર્થ જ્ઞાતિ ભક્તની સેવાની યાદગીરિ રાખવા, અને તેમ કરી જ્ઞાતિ ઉપયોગી કોઇ સંસ્થા ખોલવા જ્ઞાતિના ગૃહસ્થો અને વિદ્વાનો પોતાથી બનતું કરશે અને મહા મંડળ જેવી સંસ્થાએ આથિક સ્થીતીમાં નબળો પણ બીજી દરેક સંપત્તિમાં શ્રેષ્ટ અને મહા મંડળની હયાતી ઇચ્છનાર એક સાચો સેવક—મેમ્બર—ગુમાવ્યો છે તેના મર્ણનો શોક પ્રદર્શિત નહિ કરવાની થયેલી ભૂલ પણ મહામંડળ સુધારી લેશે.

પાટડીમાં અનાથાશ્રમ—એ નામનાં છાપાં અમારા જોવામાં આવ્યાં છે. પરંતુ તેના સ્થાપક ઉદ્દેશ, નિયમ કે ધારા ધોરણની અમને ખબર નથી. આવી સંસ્થા સ્થપાય એ બેશક આવકાર દાયક છે પણ તેના ઉપયોગીપણા સાથે સ્થળ જ્ઞાતિ અને આશ્રયદાતાઓને કેટલું લાગે વળગે છે ને જ્યાં સુધી અમે જાણતા નથી ત્યાં સુધી એ સંસ્થા વિષે અમારો અભિપ્રાય પ્રદર્શિત કરવાનું અમે યોગ્ય ધારતા નથી. આશા છે કે સંસ્થાના ઉત્પાદકો ઘણી વિશાળ અને ઉદાર બુદ્ધિથી તેના નિયમો વગેરે ઘડી યોજના સત્વર અમલમાં મુકશે.

બોર્ડિંગના મકાન સંબંધી એક ખુલાસો—હાંસોલ ગામે પોતે બંધાવી આપેલી નિશાળનું મકાન ખુલ્લુ મુકવાની ક્રિયા વખતે શેઠ **સોમનાથભાઇ** રૂપજીદાસે જણાવ્યું હતું કે—"અમદાવાદમાં કડવા જ્ઞાતિ માટેની બોર્ડિંગમાં મ્હેં અમુક રકમ આપવાની ઇચ્છા દર્શાવી તેનો લેખ સુપ્રસિદ્ધ બારીસ્ટર સાહેબ મગનભાઇને હાથે કરાવી એ બોર્ડિંગના આગેવાનોને બતાવ્યો હતો પરંતુ તેના **કાર્યવાહકોની** કંઈક ઇચ્છા વિરૂદ્ધ હોવાથી ના પાડવામાં આવ્યાથીજ મારે મહેસાણામાં બોર્ડિંગનું મકાન તથા લાયબ્રેરી વગેરેમાં તે પૈસાનો વ્યય કરવો પડ્યો હતો."

અધિપતિ.

લવાજમની પહોંચ.

१२) મે. ગોકળદાસભાઇ ઇજનેર સાહેબ તરફથી લવાજમના ઉચક.
१। ઓંકારજી હીરાજી.
१। ભીલાજી વરાડીઆ.
१। ભીલા ઓદરજી.
૩॥। રેવનદાસ મુળજીભાઇ.
१) ગંગારામ નથુભાઈ
१। શીવલાલ પુ. હુબલી.
१। ગોકળભાઈ દેવચંદ.
१। નાનાલાલ ભુદરદાસ.
१। પરભુદાસ રામદાસ.
२॥ મોતીલાલ સાંકળચંદ.
१। મનસુખરામ કાનદાસ.
१) સોમનાથ ભુદરદાસ.
१। ચંદુલાલ માધવલાલ.
१। કેસવલાલ જીવાભાઈ.
२॥ રૂગનાથદાસ ગોપાળદાસ.
१। જમનાદાસ રણછોડદાસ.
१। ગોરધનદાસ ગુલાબચંદ.
१। હીરાલાલ ચીમનલાલ,
१। બેચરદાસ ભુદરદાસ.
५) દુર્લભદાસ ધનજીભાઈ.

१। જેઠાલાલ પ્રોફેસર.
१। જેશીંગભાઈ માધવદાસ.
१। રણછોડભાઈ છગનલાલ.
२॥ હરીલાલ રણછોડદાસ.
१। સાંકળચંદ લલુભાઈ.
१। હરીલાલ ગોપાળદાસ.
१। કુબેરદાસ ખોડીદાસ.
१। છગનલાલ મોહનલાલ.
१। કાળીદાસ હરજીવનદાસ.
१। મોતીભાઈ બીખાભાઈ.
१। ડાહ્યાભાઈ સામળદાસ.
१। મણીલાલ ચુનીલાલ.
२॥ દ્વારકાદાસ છકડશી.
१। નંદુભાઈ મંછારામ.
१। ઇશ્વરલાલ માણેકલાલ.
१। મહીપતભાઈ મનસુખરામ.
१। મોતીલાલ રણછોડદાસ.
१। મોતીલાલ હરગોવીંદદાસ.
१। ખોડીદાસ મંગળદાસ.
१। બાલાભાઇ મોતીલાલ.
१। ભુધરલાલ જમનાદાસ.

સુચના.

૧. જે ગ્રાહકોનું લવાજમ અત્યાર સુધી વસુલ આવ્યું નથી અને માસિક સ્વીકારે જાય છે તેમણે મહેરબાની કરી મનીઓડરથી અથવા સમાજની શાખાઓના જોઈન્ટ સેક્રેટરીઓને પહોંચાડી દેવું.

૨. દીવાળીનો ખાસ અંક બહાર પાડવાનો વિચાર હતો તે અંક સચિત્ર નહીં પાડતાં ઉપયોગી લેખો માત્રનોજ અંક ૧૦-૧૨ અંક સાથે બહાર પડશે અને જેનું લવાજમ વસુલ આવ્યું હશે તેવા દરેક ગ્રાહકને તે મળશે.

૩. જ્ઞાતિની બાળાઓ તેમજ કેળવાયેલી સ્ત્રીઓને માગણી કરવાથી માસિક મફત આપવામાં આવશે.

૪. ખાસ અંક માટે કાગળની એક તરફ સારા અક્ષરે લેખ લખી મોકલવા દરેક વિદ્વાન બંધુને વિનંતી કરવામાં આવે છે.

તંત્રી.

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ.

વાર્ષિક રકમ.	પેટા સંસ્થા અને વિભાગ.	ઓનરરી સેક્રેટરી.
૩૦૧	મુંબઇ અને કચ્છનો પ્રદેશ.	રા. મંછુભાઇ કીલાભાઇ ઠે. શેઠ ત્રીકમભાઇ ગોપાળદાસની દુકાને કામેકર સ્ટ્રીટ. માંડવી પોષ્ટ નં. ૩ મુંબઇ.
૧૫૧	વડોદરા સુરત, ભરૂચનો પ્રદેશ	રા. તળજાભાઇ નાથાભાઇ—પાદરા.
૬૦૧	અમદાવાદ શહેર, પરાં, પ્રાંતીજ મોડાશાનો પ્રદેશ.	રા. ત્રીકમલાલ દલપતરામ ભગત રાયપુર કપડીવાડ—અમદાવાદ.
૨૦૧	કડી પ્રાંતનો પ્રદેશ.	પા. રણછોડભાઇ જીવણદાસ. / પા. રણછોડભાઇ શીભાઇદાસ. } મું. સેરથા. (તા. કલોલ.)
૨૫૧	દશક્રોશી ભાલનો પ્રદેશ.	પા. પુરૂષોત્તમ લલુભાઈ. મુ. બાવળા.
૪૦૧	વિરમગામ અને સુંવાળનો પ્રદેશ.	રા. નાથાલાલ દામોદરદાસ. વિરમગામ.
૫૦	ઝાલાવાડ, મચ્છુકાંઠાનો પ્રદેશ.	પા. હીરાલાલભાઇ પિતામ્બરદાસ—ટીકર
૪૦	ગોહેલવાડનો પ્રદેશ ભાવનગર	પા. જીવાભાઇ ખુશાલદાસ—ભાવનગર.

निमाड मालवा सभा संचालक — भाई रामचंद्र लक्ष्मण व्यास. कसरावद—(होलकर स्टेट)